dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue - 71 | AD - 2024, Magashirsha Sud - 14 | Saturday, Dt.14-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પ્રયાગરાજમાં યોજાનારા મહાકુંભની પ્રધાનમંત્રી મોદીએ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે સમીક્ષા કરી

## મહાકુંભ એ આપણી આસ્થા, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનો દિવ્ય તહેવાર : મોદી

પ્રયાગરાજ,તા.૧૩

૧૩ જાન્યુઆરી ૨૦૨૫થી શરૂ થનારા મહાકુંભની તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. આજે પીએમ મોદી પણ પ્રયાગરાજ પહોંચ્યા અને ત્યાં અનેક વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને લોકાર્પણ કર્યું. તેમજ પ્રયાગરાજની ધરતી પરથી દેશવાસીઓને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે મહાકુંભ એ આપણી આસ્થા, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનો દિવ્ય તહેવાર છે. પ્રયાગરાજની પવિત્ર ભૂમિ પર તેની તૈયારીઓની સમીક્ષા કરવા અને વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્‌ઘાટન કરવા માટે હું ભાગ્યશાળી અનુભવું છું. મહાકુંભને સફળ બનાવવા કામ કરતા લોકોનો આભાર માનતા પીએમ મોદીએ કહ્યું- પ્રયાગરાજમાં સંગમની આ પવિત્ર ભૂમિને હું વંદન કરૂ છું. મહાકુંભમાં ભાગ લેનાર તમામ સંતો અને ઋષિઓને પણ હું વંદન કરું છું. હું ખાસ કરીને એવા કર્મચારીઓ, મજૂરો અને સફાઈ કામદારોને અભિનંદન આપું છું જેઓ મહાકુંભને સફળ બનાવવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે. વિશ્વના આટલા મોટા પ્રસંગ દ્વારા, દરરોજ લાખો શ્રદ્ધાળુઓનું સ્વાગત અને સેવા કરવાની તૈયારીઓ, સતત ૪૫ દિવસ સુધી ચાલતો મહાયજ્ઞ, એક નવા શહેરની સ્થાપનાનું ભવ્ય અભિયાન, પ્રયાગરાજની આ ધરતી પર એક નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે. વડાપ્રધાને વધુમાં કહ્યું કે, "આ એકતાનું આટલું મોટુ બલિદાન હશે, જેની સમગ્ર વિશ્વમાં ચર્ચા થશે. હું તમને આ પ્રસંગની ભવ્ય અને દિવ્ય સફળતા માટે શુભેચ્છા પાઠવું છું. આપણો ભારત પવિત્ર સ્થળોનો



દેશ છે અને આ ગંગા, યમુના, સરસ્વતી, કાવેરી અને નર્મદા જેવી અસંખ્ય પવિત્ર નદીઓનો દેશ છે, આ અસંખ્ય તીર્થોનું મહત્વ અને મહાનતા, તેમનો સમન્વય, તેમનો સંયોગ, તેમનો પ્રભાવ, તેમનો મહિમા પ્રયાગ છે જ્યાં દરેક પગથિયે પવિત્ર સ્થાનો છે, જ્યાં દરેક પગથિયે પુણ્ય વિસ્તાર છે.

મહાકુંભ પર સંગમમાં ડૂબકી મારવાનું મહત્વ સમજાવતા પીએમએ કહ્યું, "મહાકુંભ એ આપણા દેશની હજારો વર્ષ પહેલાંની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક યાત્રાનું એક સદ્‌ગુણ અને જીવંત પ્રતીક છે. આ એક એવી ઘટના છે જ્યાં ધર્મ, જ્ઞાન, ભક્તિ અને કોઈપણ બાહ્ય વ્યવસ્થાને બદલે, કુંભ એ મનુષ્યની ચેતના છે જે ભારતના દરેક ખૂણેથી લોકોને આકર્ષિત કરે છે. હું ફરી કહું છું કે આ મહાકુંભ એકતાનો મહાન યજ્ઞ છે જે સંગમમાં ડૂબકી મારે છે તે મહાન ભારતનું અદ્‌ભુત ચિત્ર રજૂ કરે છે. કુંભની તૈયારીઓમાં લાગેલા સ્વચ્છતા કાર્યકરોનો આભાર માનતા પીએમ મોદીએ કહ્યું, "કુંભ જેવા ભવ્ય અને દિવ્ય પ્રસંગને સફળ બનાવવામાં સ્વચ્છતા મોટી ભૂમિકા ભજવે છે. મહાકુંભની તૈયારીઓ માટે નમામિ ગંગે કાર્યક્રમને ઝડપથી આગળ વધારવામાં આવ્યો છે. આ વખતે પ્રયાગરાજ શહેરમાં સ્વચ્છતા અને કચરાના વ્યવસ્થાપન પર ધ્યાન આપવામાં આવ્યું છે. ભાઈઓ અને બહેનો કુંભની સ્વચ્છતાની કાળજી લેવા જઈ રહ્યા છે, આજે હું મારા ભાઈઓ અને બહેનોનો અગાઉથી આભાર વ્યક્ત કરું છું જેઓ કુંભની તૈયારીમાં વ્યસ્ત છે. આ પહેલા દેશના બે મોટા નેતાઓ પ્રયાગરાજ પહોંચ્યા હતા અને કુંભ મેળાની તૈયારીઓની સમીક્ષા કરી હતી. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પ્રયાગરાજમાં સાથે જોવા મળ્યા હતા. પ્રધાનમંત્રીએ ૨૦૨૫ મહાકુંભ માટે સુવિધાઓમાં સુધારો કરવા અને શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે રૂ. ૫,૫૦૦ કરોડના મોટા વિકાસ પ્રોજેક્ટ્સ શરૂ કરતા પહેલા સંગમ તીર્થમાં પ્રાર્થના કરી હતી.




## મુંબઈની RBI અને દિલ્હીની ૬ શાળાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

ન્યુ દિલ્હી,તા.૧૩



દિલ્હીની ૬ શાળાઓ અને મુંબઈ સ્થિત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ને બોમ્બની ધમકી મળી છે. રશિયન ભાષામાં આ ધમકીભર્યો ઈ-મેઈલ ગુરુવારે બપોરે રિઝર્વ બેંકની સત્તાવાર વેબસાઈટ પર આવ્યો હતો. અગાઉ ૧૬ નવેમ્બરે RBI કસ્ટમર કેરને ધમકી આપવામાં આવી હતી. ધમકી બાદ મુંબઈ પોલીસ એલર્ટ પર છે. મુંબઈ પોલીસના ઝોન ૧નાં DCPએ જણાવ્યું કે માતા રમાબાઈ માર્ગ (MRA માર્ગ) પોલીસ સ્ટેશનમાં અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આજે સવારે દિલ્હીની ૬ શાળાઓને પણ ધમકીઓ મળી હતી. શાળાઓને ઈ-મેઈલ મોકલનાર વ્યક્તિએ લખ્યું છે કે ૧૩-૧૪ ડિસેમ્બરે બોમ્બ વિસ્ફોટ થશે. શુક્રવારે સવારે દિલ્હીની છ શાળાઓને બોમ્બની ધમકીના ઈ-મેઈલ મળ્યા હતા. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે રાત્રે ૧૨:૫૪ વાગ્યે ઈ-મેઈલ આવ્યો હતો જેમાં પેરેન્ટ્સ મિટિંગ અને સ્પોર્ટ્સ ડે પર હુમલાની ધમકી આપવામાં આવી હતી.







## 'પુષ્પા-૨' એક્ટર અલ્લુ અર્જુનની ધરપકડ બાદ હાઈકોર્ટે વચગાળાના જામીન આપ્યા

હૈદરાબાદ,તા.૧૩



હૈદરાબાદના સંધ્યા થિયેટર કેસમાં સાઉથના સુપરસ્ટાર અને 'પુષ્પા ૨' એક્ટર અલ્લુ અર્જુન વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે તેની ધરપકડ કરી છે. ૪ ડિસેમ્બરે ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન થિયેટરમાં નાસભાગ મચી ગઈ હતી, જેમાં ૩૫ વર્ષની એક મહિલાનું મોત થયું હતું અને અનેક લોકો ઘાયલ થયા હતા. પોલીસે આ ઘટના માટે અલ્લુ અર્જુન અને થિયેટર મેનેજમેન્ટ સામે કેસ નોંધ્યો હતો. પોલીસે આ કેસમાં થિયેટર-માલિક સહિત ત્રણ લોકોની અટકાયત કરી હતી. અલ્લુ અર્જુને ૧૧ ડિસેમ્બરે હાઈકોર્ટમાં પોતાના વિરુદ્ધ થયેલા કેસને રદ કરવા માટે અરજી કરી હતી. સૂત્રોના મતે, અલ્લુ અર્જુને ધરપકડ અંગે નારાજગી વ્યક્ત કરી છે. અલ્લુએ કહ્યું હતું કે પોલીસે નાસ્તો પણ કરવા દીધો નહીં અને બેડરૂમમાંથી ધરપકડ કરી. ત્યાં સુધી કે પોલીસે કપડાં બદલવાની તક આપી નહીં. હૈદરાબાદ નાસભાગના સાક્ષીની સામે પોલીસે ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશનમાં અલ્લુ અર્જુનનું નિવેદન નોંધ્યું. સેન્ટ્રલ ઝોનના DCPએ અલ્લુનું નિવેદન નોંધ્યું. પોલીસ અલ્લુ અર્જુનના મેડિકલ ચેકઅપ માટે ગાંધી હૉસ્પિટલ લઈ ગઈ હતી. અલ્લુ અર્જુનના વકીલે કોર્ટમાં વિનંતી કરી છે કે તેમના ક્લાયન્ટના કેસમાં તાત્કાલિક સુનાવણી કરવામાં આવે અને સોમવાર સુધી ધરપકડમાંથી રાહત આપવામાં આવે. એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટરે કહ્યું હતું કે પોલીસ સાથે વાતચીત કરીને બપોર સુધીમાં આ કેસમાં અપડેટ આપવામાં આવશે અને સુનાવણી સ્થગિત કરવામાં આવી હતી. અલ્લુ અર્જુન બાદ હવે તેના બોડીગાર્ડની ધરપકડ કરવામાં આવી છે. હૈદરાબાદ સ્ટેમ્પેડ કેસમાં અલ્લુ અર્જુનનું નિવેદન નોંધવામાં આવ્યું છે. નામપલ્લની સેશન કોર્ટે અલ્લુ અર્જુનને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે અલ્લુ અર્જુનના ચાર અઠવાડિયા માટે વચગાળાના જામીન મંજૂર કર્યા છે. ઉપરાંત, એક્ટરને રૂ. ૫૦,૦૦૦ના બોન્ડ ભરવાનો નિર્દેશ કર્યો છે. તેલંગાણા હાઈકોર્ટે અલ્લુ અર્જુનને વચગાળાના જામીન આપીને તેની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૧૪-૧૨-૨૦૨૪

# ફાયર NOCના વાંકે બગસરાની શાળાઓ ખંડેર બનવા તરફ


તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૧૩

બગસરા તાલુકામાં છેલ્લા બે વર્ષોમાં રાજ્ય સરકારે અનેક શાળાઓને જર્જરિત ઓરડાઓમાંથી અધ્યતન બિલ્ડિંગમાં બદલી નાખેલ છે. પીઠડીયા, કન્યાશાળા, તાલુકા શાળા, હામાપુર, સુડાવડ, જૂની હળિયાદ વગેરે ગામમાં કરોડોના ખર્ચે શાળાના નવા બિલ્ડિંગ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં મોટાભાગની શાળાઓમાં ફાયર એનઓસીનો પ્રશ્ન ન હોય વિદ્યાર્થીઓ નવા બિલ્ડિંગમાં શિક્ષણ મેળવી રહ્યા છે. પરંતુ બગસરા શહેરની એવી અનેક શાળાઓ છે જેના બિલ્ડિંગ તૈયાર થયાને અનેક મહિનાઓ થઈ ગયા હોવા છતાં ફાયર એનઓસી આપવામાં આવેલ નથી. બગસરામાં કન્યાશાળા તેમજ તાલુકા શાળા બંને શાળાને ફાયર એનઓસી ન મળતા વિદ્યાર્થીઓ આજે પણ નવા બિલ્ડિંગમાં બેસી શકતા નથી. ફાયર એનઓસી ન હોવાને કારણે અદ્યતન મકાનો ખંડેરમાં ફેરવાઈ રહ્યા છે. બાળકોને ઉપયોગમાં આવી શકે તેમ ન હતા તો આવા બિલ્ડિંગોમાં કરોડોનો ખર્ચ સરકારે શા માટે કર્યો તેવા સવાલો વાલીઓમાં ઉઠી રહ્યા છે.

# રાજસ્થળી ગામે પશુ આરોગ્ય કેમ્પમાં ૬૮૩ પશુઓની સારવાર



અમરેલી,તા.૧૩

અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે જિલ્લા પંચાયત સંચાલિત તાલુકા પશુ દવાખાના દ્વારા આયોજિત પશુ આરોગ્ય કેમ્પમાં બહોળી સંખ્યામાં પશુ પાલકોએ ભાગ લીધો હતો. આ કેમ્પમાં ૬૮૩ પશુઓની સારવાર કરવામાં આવી હતી. જેમાં ગાય, ભેંસ, ઘેટાં અને બકરાનો સમાવેશ થાય છે. આ કેમ્પમાં પશુઓને પીપીઆર રસી આપવામાં આવી હતી. આ ઉપરાંત, પશુધન વીમા સહાય વિશે માહિતી આપવામાં આવી અને પશુઓના વીમા ઉતરાવવામાં આવ્યા હતા. કેસીસી લોન વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ કેમ્પમાં ડૉ. અર્જુનસિંહ એલ. સરવૈયા (પશુ ચિકિત્સા અધિકારી) સહિત પશુધન નિરીક્ષક ભરતભાઈ પરમાર અને સરપંચ ગણપતભાઈ સેંજલિયા ઉપસ્થિત રહ્યા હતા.

# વિજપડી પોલીસના એ.એસ.આઈ એમ.કે. સોલંકીને ભવ્ય વિદાય

સાવરકુંડલા,તા.૧૩

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે વિજપડી આઉટ પોસ્ટમાં ઉત્તમ સેવા આપનાર એ.એસ. આઈ એમ.કે. સોલંકીને નિવૃત્તિ બાદ ભવ્ય વિદાય આપવામાં આવી હતી. સાદાઈથી યોજાયેલા આ વિદાય સમારોહમાં સાવરકુંડલાના રિપોર્ટર યાકુબભાઈએ સોલંકીની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, સોલંકીએ હેડક્વાર્ટરમાં રહીને તમામ વર્ગોને સાથે રાખીને ઉત્તમ સેવાઓ આપી છે. આ વિદાય સમારોહમાં પત્રકારો દાદુભાઈ બેલીપ, સંજયભાઈ વાઘેલા, સમીરભાઈ ખોખર તથા સામાજિક કાર્યકરો મુકેશભાઈ મકવાણા, તેજાભાઈ રબારી, અરવિંદભાઈ આંબલીયા, વિજયભાઈ ગીરનારી, ગૌપ્રેમી રાહુલભાઈ ડોડીયા, હાર્દિક ગોસાઈ વગેરે ઉપસ્થિત રહી સોલંકીની સેવાઓને બિરદાવી હતી.

# જરખીયા ગામે માતાજીનો નવરંગો માંડવો યોજાયો





અમરેલી,તા.૧૩

લાઠી તાલુકાના જરખીયા ગામે મકવાણા પરિવારના આંગણે મોમાઈ માતાજીનો ૨૪ કલાકના નવરંગા માંડવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મકવાણા પરિવાર દ્વારા સમગ્ર ગામને આ શુભ ધાર્મિક અવસરે માતાજીના નવરંગા માંડવાના દર્શન કરવા તેમજ ભોજન પ્રસાદ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું, મોમાઈ માતાજીના નવરંગા માંડવામાં બહોળી સંખ્યામાં ગામના લોકો હાજર રહ્યા હતા.

# અમરેલી જિલ્લાના શૈક્ષિક મહાસંઘમાં કાર્યકારી મહામંત્રી તરીકે મનિષાબેન સુરાણીની વરણી

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લાના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા તા. ૨૫/૧૧/૨૦૨૪ના ઠરાવ નંબર ૧૧ મુજબ અને ગુજરાત પ્રાંત સંગઠનના માર્ગદર્શન મુજબ ભૂતપૂર્વ મહામંત્રી મહેન્દ્રભાઈ કાવઠીયાના સ્થાને કાર્યકારી મહામંત્રી તરીકે મનિષાબેન સુરાણીની વરણી કરવામાં આવી છે. ભૂતપૂર્વ મહામંત્રીએ લીલીયા તાલુકાનાં ઓડિટ બાબતે જે અરજી-પ્રેસ નોટ આપેલ છે તેમાં અમરેલી જિલ્લા સંગઠનને વિશ્વાસમાં લીધેલ નથી કે સંકલન કરેલ નથી. લીલીયા તાલુકાના ઓડિટ બાબતે જિલ્લા સંગઠનને આધાર પુરાવા સાથે કોઈપણ પ્રકારની આચાર્યો તરફથી ફરિયાદ કે રજૂઆત નિયમોનુસાર મળેલ નથી તેવો ખુલાસો પણ કર્યો હતો.

# લાઠી તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા માનવ અધિકાર વિષયક શિબિર યોજાઇ



દામનગર,તા.૧૩

દામનગરના સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે લાઠી તાલુકા કાનૂની સેવા સમિતિના ઉપક્રમે વિશ્વ માનવ અધિકાર દિવસ નિમિત્તે કાનૂની શિબિરનું આજે આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે એડવોકેટ ઈતેશકુમાર મહેતાએ જણાવ્યું કે, આપણા બાજુના દેશ બાંગ્લાદેશમાં માનવાધિકારોનું ચિરહરણ થયેલું છે તે રોકવા વિશ્વમાં માનવાધિકારોની વાતો કરનારાઓએ આગળ આવવું જોઈએ. આ શિબિરમાં એડવોકેટ રાજેશ્વરીબેન રાજયગુરુ, પ્રિન્સિપાલ સંજયભાઈ રાણીપા અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વીજ કર્મચારીએ દંપતી વિરૂધ્ધ ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

# ધારીના મોણવેલમાં વીજ ચેકિંગ કરવા જતા કર્મચારીને ગાળો આપી

**લાકડાનો દંડો લઈને દંપતી મારવા દોડતા વીજકર્મી જીવ બચાવીને ભાગ્યા**

અમરેલી,તા.૧૩

અમરેલી પીજીવીસીએલ વર્તુળ કચેરી દ્વારા ગેરકાયદેસર કનેક્શન માટે વીજ ચેકીંગની ડ્રાઈવ યોજી હતી. પીજીવીસીએલના કર્મચારીઓની અલગ અલગ ટીમો દ્વારા વિવિધ ગામડામાં વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવતી હતી, ત્યારે ધારીના મોણવેલ ગામમાં રહેણાંક મકાનમાં પીજીવીસીએલના કર્મચારી અશ્વિનભાઈ ગંગારભાઈ બાબુલ વીજ ચેકિંગ કરવા જતાં અહીં જગદીશભાઈ મનસુખભાઈ ઢોલરીયા, મહિલા સોનલબેન મનસુખભાઈ ઢોલરીયા બંને વ્યક્તિઓએ વીજ કર્મચારી સાથે ગેરવર્તન કરી ગાળો આપી ઘરેથી નીકળી જવાનું કહ્યું હતું. તેમજ જેમ ફાવે તેમ ગાળો આપી લાકડાનો દંડો લઈ મારવા દોડતા વીજ કર્મચારી જીવ બચાવી ભાગ્યા હતા. સરકારી કામગીરીમાં અડચણ ઉભી કરી બંને વ્યક્તિઓએ એકબીજાને મદદ કરી ગુનો આચરતા ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

જેની પોલીસ તપાસ એ.એસ.આઈ. એસ.બી. સૈયદ ચલાવી રહ્યા છે. પીજીવીસીએલના વીજ કર્મચારી અશ્વિનભાઈ બાબુલ દ્વારા ધારી પોલીસ સ્ટેશનમાં આરોપી જગદીશભાઈ મનસુખભાઈ ઢોલરીયા, સોનલબેન મનસુખભાઈ ઢોલરીયા સામે ફરિયાદ કરતા ધારી પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

# એચ.બી. સંઘવી મહિલા કોલેજની વિદ્યાર્થિનીએ સુવર્ણચંદ્રક મેળવ્યો



રાજુલા, તા.૧૩

રાજુલા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા કોલેજની વિદ્યાર્થિની કુમારી શીતલબેન ભોપાભાઈ હડીયાએ સમાજશાસ્ત્ર વિષયમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સુવર્ણચંદ્રક મેળવીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. શીતલબેન ટી.વાય. બી.એ.ના અભ્યાસક્રમમાં અભ્યાસ કરે છે અને વિમળાબેન હરકિશનદાસ મહેતા કન્યા છાત્રાલયમાં રહે છે. તેમની આ સિદ્ધિ માટે કોલેજના ટ્રસ્ટીઓ, કર્મચારીઓ અને પ્રાધ્યાપકોએ શુભેચ્છાઓ પાઠવી છે. ખાસ કરીને, પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળ અને પ્રાધ્યાપક જાગૃતિબેન તેરૈયા અને ધારાબેન ખીમસુરિયાએ શીતલબેનની મહેનત અને સફળતાને બિરદાવી છે. શીતલબેનની આ સિદ્ધિ માત્ર કોલેજ પરિવારનું જ નહીં, પરંતુ સમગ્ર રાજુલા શહેરનું ગૌરવ છે. સમાજશાસ્ત્ર જેવા વિષયમાં સુવર્ણચંદ્રક મેળવવો એ ખૂબ જ મોટી વાત છે.

# શ્રી કે.પી. ધોળકીયા ઈન્ફોટેક મહિલા કોલેજ બી.સી.એ. સેમેસ્ટર-૨નું શાનદાર પરિણામ!



અમરેલી,તા.૧૩

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત, સંચાલિત શ્રી કે.પી. ધોળકીયા ઈન્ફોટેક મહિલા કોલેજનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બી.સી.એ. સેમેસ્ટર-૨ના પરિણામમાં શાનદાર પ્રદર્શન જોવા મળ્યું છે. કોલેજની ૯૩% વિદ્યાર્થિનીઓએ પ્રથમ વર્ગ મેળવી કોલેજનું નામ રોશન કર્યું છે. જેમાં પ્રથમઃ સોજીત્રા જાનવી બી. - ૯૦.૩૬%, દ્વિતીયઃ કથીરીયા આસ્થા પી. - ૮૮.૭૩%, તૃતીયઃ ટાંક જાનવી જી. - ૮૭.૮૨% ટોપ કર્યું હતું. શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) અમરેલી ખાતે આવેલી આ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ તેમની મહેનત અને પ્રતિભાના દમ પર આ ઉત્કૃષ્ટ સફળતા મેળવી છે. આ પરિણામ માટે કોલેજના સ્ટાફ, વિદ્યાર્થિનીઓ અને તેમના પરિવારોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### દિલીપ સંઘાણી આ સમારોહના મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે

# અમરેલીમાં તા. ૧૭મીથી FPO કિસાનમેળો યોજાશે

અમરેલી,તા.૧૩

અમરેલીના જીમખાના ગ્રાઉન્ડ ખાતે ૧૭મીથી ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ત્રિ-દિવસીય FPO મેળાનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હેઠળના સ્મોલ ફાર્મર્સ એગ્રીકલ્ચરલ બિઝનેસ એસોસિએશન (SFAC) દ્વારા યોજવામાં આવી રહ્યો છે. ભારત સરકાર આ મેળા દ્વારા ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPOs)ને તેમના ઉત્પાદનોનું પ્રદર્શન કરવા, ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા અને ગ્રાહકો સાથે સીધું જોડાણ કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડશે. દિલીપભાઈ સંઘાણી (ચેરમેન- IFFCO/NCUI) આ સમારોહના મુખ્ય અતિથિ હશે અને ૧૭મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૦ વાગ્યે તેનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક અમરેલી વહીવટી તંત્ર ઓવરટાઈમ કામ કરી રહ્યું છે. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, હિરેનભાઈ



હિરપરા, મનિષભાઈ સંઘાણી આ કિસાનમેળામાં સહયોગ આપી રહ્યાં છે. આ રાજ્ય-સ્તરની ઈવેન્ટનો ઉદ્દેશ્ય FPOsના ઉત્પાદનોને પ્રકાશિત કરવાનો, FPO ઉત્પાદનોના માર્કેટિંગ અને બ્રાન્ડિંગને સરળ બનાવવાનો અને સમગ્ર દેશમાં તેમના વેચાણમાં વધારો કરવાનો છે. મુલાકાતીઓ આરોગ્યપ્રદ નાસ્તો, ઘર અને રસોડામાં આવશ્યક ચીજવસ્તુઓ, સૌંદર્ય અને સુખાકારીના ઉત્પાદનો સહિત ઉત્પાદનોની વિશાળ શ્રેણી ખરીદી શકશે, જે તમામ ઓર્ગેનિક ખેતી પદ્ધતિઓમાંથી મેળવેલ છે. અત્યાર સુધી આયોજિત આ ૧૨મો FPO મેળો હશે, અને તેમાં ભારત અને ગુજરાતમાંથી ૫૦ થી વધુ FPO રજૂ થવાની અપેક્ષા છે. વચેટિયાઓને દૂર કરીને ખેડૂતો પોષણક્ષમ ભાવે ગ્રાહકોને તેમના ઉત્પાદનો સીધા વેચી શકશે. આ ઈવેન્ટ FPO માટે નેટવર્કિંગ, નોલેજ શેરિંગ અને ક્ષમતા નિર્માણ માટેની તકો પણ પ્રદાન કરશે, જે તેમને તેમની માર્કેટ એક્સેસ વધારવા અને મજબૂત બ્રાન્ડ ઓળખ બનાવવા માટે સક્ષમ બનાવશે. મેળો દરરોજ સવારે ૧૦:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી ખુલ્લો રહેશે અને શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તેવી સ્પર્ધાઓ સહિત વિવિધ પ્રવૃત્તિઓ દર્શાવશે. FPOs અને ઓર્ગેનિક ઉત્પાદનોના મહત્વ વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે શાળાઓને ઈવેન્ટની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

## બાબરાના કોટડાપીઠા ગામે કસુવાવડથી કંટાળી પરિણીતાએ કૂવામાં પડતું મૂક્યું

બાબરા, તા.૧૩

બાબરાના કોટડાપીઠા ગામે રહેતી એક પરિણીતાએ કસુવાવડથી કંટાળીને કૂવામાં પડતું મૂક્યું હતું જેના કારણે તેનું મોત થયું હતું. લખમણભાઈ પરશોતમભાઈ ડોબરીયા (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, હેતલબેન કલ્પેશભાઈ ડોબરીયા (ઉ.વ.૩૩)ના લગ્ન ૨૦૧૩માં થયા હતા. જેનાથી તેને એક દીકરો હતો. ને મરણજનાર વધુ એક દીકરી માટે ત્રણ કસુવાવડ થઈ ગઈ હતી. જેને લઈ ઘણા સમયથી ચિંતામાં રહેતા હતા. આ વાતથી મનમાં લાગી આવતા તેણે પોતાની જાતેથી પાણી ભરેલા કૂવામાં પડી જઈ આત્મહત્યા કરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.પી. ડેર વધુ તપાસ કરી રહ્યા છે. વડીયામાં રહેતા માધુભાઈ કાળાભાઈ ડાભીને ઝેરી જંતુ કરડ્યા બાદ સારવાર દરમિયાન મોત થયું હતું.

### ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલીથી દૂર ૪૨ કિ.મી. દક્ષિણમાં નોંધાયુ

## અમરેલી સહિત અન્ય શહેરોમાં ભૂકંપનો આંચકો

### વહેલી સવારે ભૂકંપનો આંચકો આવતા લોકો ઘરની બહાર દોડી આવ્યા



અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લાના કેટલાક વિસ્તારમાં લોકોએ હળવો ભૂંકપનો આંચકો અનુભવ્યો હતો. આ ભૂકંપની અસર સાવરકુંડલા અને ધારી સુધી જોવા મળી હતી. જેના કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો હતો. અમરેલીમાં સવારે ૫.૫૧ વાગ્યાની આસપાસ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપના આંચકાની તીવ્રતા ૨.૫ નોંધાઈ છે. અમરેલી ડિઝાસ્ટર વિભાગ ભૂકંપથી અજાણ છે, જ્યારે ગાંધીનગર સિસ્મોલોજી વિભાગે ભૂકંપના આંચકા આવ્યાની પુષ્ટિ કરી છે સાથે જ જણાવ્યું કે, ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલીથી ૪૨ કિલોમીટર દૂર દક્ષિણમાં છે. અમરેલી જિલ્લાના કેટલાક વિસ્તારમાં વહેલી સવારે ભૂકંપનો આંચકો આવ્યો હતો. વહેલી સવારે કડકડતી ઠંડીમાં ઊંઘી રહેલા લોકોએ આંચકાનો અનુભવ કર્યો, આથી તેઓ તાત્કાલિક ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂંકપના આંચકાથી લોકોમાં ભય ફેલાયો હતો.

## શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગીતા જયંતિની ભવ્ય ઉજવણી કરાઈ



અમરેલી, તા.૧૩

શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગીતા જયંતિની ઉજવણી ભક્તિ અને ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે ભગવદ ગીતાના ઉપદેશોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયા સહિત સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગીતાનું પુષ્પોથી પૂજન કરીને વિદ્યાર્થીઓએ તેના ઉપદેશોનું મહત્વ સમજ્યું. ગીતાના બારમા અધ્યાયના શ્લોકનું સામૂહિક પઠન પણ કરવામાં આવ્યું હતું.




## લાઠીના જરખીયા ગામની સીમમાંથી પરપ્રાંતીય સગીરાનું અપહરણ

લાઠી, તા.૧૩

લાઠીના જરખીયા ગામની સીમમાંથી પરપ્રાંતીય સગીરાનું અપહરણ થતાં ચકચાર મચી ગઈ હતી. મૂળ મધ્યપ્રદેશના જોબટ તાલુકાના અને હાલ જરખીયા ગામની સીમમાં વાડીએ રહેતા સગીરાના માતાએ અજાણ્યા ઈસમ સામે તેની પુત્રીને વાલીપણામાંથી અપહરણ કર્યાની ફરિયાદ નોંધાવી હતી. લાઠી પોલીસ સ્ટેશનના પી.આઈ એચ. જે.બરવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.




## પેરોલ પર છૂટેલી ધારીની મહિલા કેદી ફરાર થઈ ગઈ

ધારી, તા.૧૩

ધારીના પ્રેમપરામાં રહેતી પાકા કામની મહિલા કેદી લાભુબેન નાનકદાસ મારૂ રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા કાપતી હતી. તા.૨૮-૧૦-૨૦૨૪ના રોજ ૧૫ દિવસના પેરોલ પર છુટ્યા બાદ ફરાર થઈ ગઈ હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.વી. જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે.












# જિલ્લામાં અકસ્માતની ત્રણ ઘટના : એકનું મોત, બે ઘાયલ

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં ગુરુવારે અકસ્માતની ત્રણ ઘટના નોંધાઈ હતી. જેમાં એકનું મોત તથા બે લોકો ઘાયલ થયા હતા. જિલ્લા માટે ગુરુવાર ગોઝારો સાબિત થયો હતો. બાબરાના જીવાપર (કરિયાણા) ગામે રહેતા રાકેશભાઈ મનસુખભાઈ પીપળવા (ઉ.વ.૩૫) એ એમ્બ્યુલન્સ નંબર એમએચ-૦૩-ડીવી-૧૪૮૫ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના કાકાજી સસરા મનોજભાઈ ઉર્ફે મુન્નાભાઈ મકવાણા રહે.કરીયાણા વાળા તથા સાહેદ રેખાબેન મકવાણા તા.૦૮/૧૨/૨૦૨૪ ના સાંજના આશરે સાડા પાંચેક વાગ્યા દરમિયાન હિરો સ્પ્લેન્ડર રજી. નં.GJ-૧૪-BC-૪૬૦૧ નું ચલાવી જતા હતા તે દરમિયાન બાબરા માર્કેટિંગ યાર્ડની સામે હાઈવે રોડ ઉપર એમ્બ્યુલન્સ નં.MH-૦૩-DV-૧૪૮૫ ના ચાલકે અકસ્માત સર્જી તેમના કાકાજી સસરાને માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવ્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. પાલીતાણામાં રહેતા પલ્લવભાઈ હિતેશભાઈ રાવ (ઉ.વ.૩૨)એ ટોરસ ટ્રક નંબર એમએચ-૧૯-સીવાય-૪૮૮૧ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમામે, તેઓ ચાવંડ ગામે રાજકોટ-ભાવનગર હાઈવે પરથી પસાર થતાં હતા ત્યારે સ્પીડ બ્રેકર આવતા હ્યુન્ડાઈ વેર્ના રજી.નં.GJ-૦૧-RA-૨૨૬૩ ને બ્રેક મારતા પાછળથી આવતા અશોક લેલન્ડ ટોરસ ટ્રક રજી. નં.MH-૧૯-CY-૪૮૮૧ના ચાલકે પોતાનો ટ્રક પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરિ.ની ગાડીને પાછળના ભાગે ભટકાવી અકસ્માત કરતા તેમની વેર્ના કારની પાછળની ડેકી, પાછળનો કાચ તોડી, પાછળના બંને દરવાજાને અંદર વાળી દઈ, ચેચીસ અંદરની બાજુ વાળી તેમજ પાછળના બંને ટાયર ફાડી નાખી અકસ્માત કર્યો હતો. લાઠી પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.ડી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. બાબરકોટ ગામે રહેતા મનોજભાઈ દિલુભઈ સાંખટે જીજે-૧૪-બીઈ-૧૮૮૬ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈ નરેશભાઈ પોતાના હવાલાવાળી મો.સા. સીડી ડીલક્ષ રજી.નં.GJ-૧૪-BB-૫૯૦૪ વાળી લઈને ઘરેથી જાફરાબાદ જતા હોય તે વખતે આરોપીએ પોતાના હવાલા વાળી મો.સા. રજી.નં. GJ-૧૪-BE-૧૮૮૬ પુરઝડપે અને બેફીકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી અકસ્માત કરી મોઢાના ભાગે ફ્રેક્ચર કરી હેમરેજની ઈજા કરી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં જનસેવા કેન્દ્રમાં અરજદારોને કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરતા ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ

અમરેલી, તા.૧૩

અમરેલી ખાતે મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રમાં ચાલતી ૭/૧૨, ૮-અની નકલો આપવી, ઈ-સ્ટેમ્પ, આધારકાર્ડ, પુરવઠા, એટીવીટી જેવી વિવિધ કામગીરી સબબ અરજદારોનો સતત ધસારો રહે છે. અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.) – ૨૦૨૩ ની કલમ – ૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તાબાની તમામ કચેરી ખાતેના જનસેવા કેન્દ્ર તથા કચેરીઓ ખાતે કે કચેરીનાં કેમ્પસમાં વ્યાજબી કામ સિવાય આવેલા અધિકૃત ઈસમો, ઈસમોની ટોળી, જાહેર જનતા કે અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરતા હોય તેવા ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ છે. આ હુકમ જિલ્લા કલેક્ટર કચેરીની તાબાની તમામ કચેરી ખાતેના જનસેવા કેન્દ્રો તથા કચેરીઓનાં કેમ્પસમાં લાગુ પડશે, તા.૨૩ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી અમલી રહેશે. હુકમ ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા માટે તાબાની સંબંધિત કચેરીઓના વડાને અધિકૃત કરવામાં આવે છે. હુકમનું ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા – ૨૦૨૩ની કલમ – ૨૨૩ની જોગવાઈઓ અન્વયે કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવામાં આવશે ઉપરાંત સજાપાત્ર છે.

# ખાંભાના ભાવરડી ગામે યુવકને 'તારે અહીં નહીં બેસવાનું' કહી છરીના ઘા માર્યા

ખાંભા, તા.૧૩

ખાંભાના ભાવરડી ગામે એક યુવકને 'તારે અહીં બહાર નહીં બેસવાનું' કહીં ફટકાર્યો હતો. બનાવ સંદર્ભે મુકેશભાઈ જીવાભાઈ રાઠોડ (ઉ.વ.૨૯)એ નાગજીભાઈ ખેતાભાઈ વિઝુંડા, સોનાબેન ખેતાભાઈ વિંઝુડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેમના ઘરની બહાર બેઠા હતા ત્યારે આરોપીએ આવીને તારે અહીં બહાર નહીં બેસવાનું તેમ કહેતા તેમણે મારા ઘરની બહાર કેમ ના બેસી શંકુ તેવો જવાબ આપતાં ઉશ્કેરાઈને જેમફાવે તેમ ગાળો આપી તેમના હાથમાં રહેલી લોખંડની પાઈપ વડે પીઠના ભાગે બે ઘા મારી તેના પેન્ટનાં નેફામાંથી છરી કાઢી આડેધડ માર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના પ્રો.એ.એસ.આઈ કે.એસ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં મોઢ વણિક મહાજન વાડી ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અમરેલી, તા.૧૩



અમરેલીમાં આજે મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી અને પારેખ રણછોડ દેવચંદ વિદ્યાર્થી ગૃહના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણિ આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મોઢ મહાજન વાડી ખાતે યોજાયેલા આ કેમ્પનું ઉદ્ઘાટન જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ પરીખના માર્ગદર્શન હેઠળ જીઈબીના સુપ્રીટેન્ડીંગ એન્જિનીયર પરેશભાઈ પારેખે કર્યું હતું. આ તકે સુદર્શન નેત્રાલ્યના ડો. દર્શિતભાઈ ગોસાઈ, બાળ સુરક્ષા અધિકારી વિશાલભાઈ જોશી, રાજુભાઈ પરીખ, હિરેનભાઈ પરીખ, રવિભાઈ પારેખ, ભાગીરથીબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં ૬૮ લાભાર્થી ઉપસ્થિત રહેલ અને તેમાં મોતિયાના ઓપરેશનના ૩૩ અને ૨ દર્દીઓ વેલના હતા. તેમને સુદર્શન નેત્રાલય ખાતે નિઃશુલ્ક ઓપરેશન કરી અપાશે. જરૂરિયાતમંદ દર્દીઓને રાહત દરે ચશ્મા આપવામાં આવેલ. એક વર્ષ સુધી દર મહિનાના બીજા ગુરુવારે આ કેમ્પ યોજાશે.

# રાજુલા ખાતે આરોહી મહિલા વિકાસ ટ્રસ્ટનું લોકાર્પણ કરાયું

રાજુલા, તા.૧૩

રાજુલા ખાતે શ્રી આરોહી મહિલા વિકાસ ટ્રસ્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રના આગેવાનો, મહિલાઓની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સંસ્થા ખાસ કરીને મહિલાઓ સંબધિત સેવાકીય અને ઉપયોગી કાર્યો કરશે જેમાં વૃદ્ધ, વિધવા, વિકલાંગ તેમજ મહિલાઓને આત્મનિર્ભર થવા માટે આ સંસ્થા કામ કરશે. ભારત તેમજ રાજ્ય સરકારમાંથી મહિલા વિકાસ માટે જે યોજનાઓ અમલમાં છે તેની જાણકારી મેળવી મહદ્અંશે લાભો મહિલાઓને મળી રહે તે દિશામાં તત્પર રહેશે. આ સંસ્થા માર્કેટ યાર્ડ, પ્રથમ માળ, અમરેલી જિલ્લા બેંક બાજુમાં સમય સવારે ૧૧ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી કાર્યરત રહેશે. આ લોકાર્પણ કાર્યક્રમ ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ હતો.

# ચીખલી ગામે આર્મીની ટ્રેનિંગ પરિપૂર્ણ કરી પરત આવતા યુવાનનું સન્માન

સાવરકુંડલા,તા.૧૩



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા તાલુકાના ચીખલી ગામે આર્મીની ટ્રેનિંગ પરિપૂર્ણ કરી પોતાના માદરે વતન આવતાની સાથે દરેક સમાજના અગ્રણીઓ તેમજ બાળકો તેમજ મહિલાઓ દ્વારા જીતુભાઈ ભરતભાઈ ખીમસુરીયાને ફુલહારથી સન્માનિત કરી ગામમાં ડીજે સાથે મિત્ર વર્તુળ સર્કલે ઉપસ્થિત રહી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ ગામના અગ્રણીઓ, યુવાનો, શાળાના બાળકો અને બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા. ગામના સરપંચ તેમજ ગામના વડીલો દ્વારા યુવાનને શાલ ઓઢાડીને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યો હતો.

# સુરતમાં પરિણીતાએ પિયર જવાનું કહેતા પતિએ ના પાડી ધમકી આપી

**બે પરિણીતા પર સાસરિયાનો સિતમ**

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં બે પરિણીતા પર સાસરિયાએ સિતમ ગુજાર્યો હતો. લીલીયાના ગોઢાવદર ગામે રહેતા જલકાબેન મોહીતભાઈ રાદડીયાએ ધરાઈ વાવડીના અને હાલ સુરત રહેતા પતિ મોહીતભાઈ ભરતભાઈ રાદડીયા, ભાવનાબેન ભરતભાઈ રાદડીયા તથા ભરતભાઈ રાઘવભાઈ રાદડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્ન બે વર્ષ પહેલા થયા હતા. આરોપીઓ અવાર-નવાર ઘરકામ બાબતે મેણાટોણા મારી ઝઘડો કરતા હતા. તેમણે પિયર જવાનું કહેતા પતિએ ના પાડીને જાનથી મારવાની ધમકી આપી હતી. ઉપરાંત ખોટી ચડામણી કરતાં ત્રાસ આપતા હતા. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ દિપકભાઈ રવજીભાઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે. હાલ અમરેલીમાં રહેતા મૂળ જેસર તાલુકાના સાપરીયાળી ગામના અસ્માબેન હબીબશા બેલીમએ પતિ હબીબશા બફાતીશા બેલીમ સામે ચારિત્ર્ય બાબતે મેણાટોણા મારી ત્રાસ આપીને મુંઢ ઈજા પહોંચાડ્યાની ફરિયાદ નોંધાવી હતી.

# ખાંભાના ડેડાણ ગામે જાહેર શેરીમાં જુગાર રમતાં ૧૦ ઈસમો ઝડપાયા

ખાંભા, તા.૧૩

ખાંભાના ડેડાણ ગામેથી જાહેર શેરીમાં જુગાર રમતાં ૧૦ ઈસમોને પોલીસે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. યાસીનભાઈ ગનીભાઈ ભોકીયા, અબ્દુલભાઈ ઈસાભાઈ અગવાન, નસીનભાઈ બચુભાઈ કુરેશી, મહેશભાઈ દાનાભાઈ રાઠોડ, ધનજીભાઈ રણછોડભાઈ મકવાણા, શામજીભાઈ રણછોડભાઈ મકવાણા, ધરમશીભાઈ સામતભાઈ ધાપા, વિહાભાઈ નાનજીભાઈ ચૌહાણ, હુસેનભાઈ ગફુલભાઈ સેલોત તથા સાહીલભાઈ વજીરભાઈ બેલીમ શેરીમાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૧૧,૪૫૦ સાથે ઝડપાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચૌદસ
તા. ૧૪-૧૨-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૭:૦૫,
સૂર્યાસ્ત-૦૫:૨૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

## દૈનિક રાશિફળ

તા.૧૪-૧૨-૨૦૨૪ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ મેળવવાની ઇચ્છા પૂર્ણ થશે.

વૃષભ: તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. આજનો દિવસ તમારો દાનમાં વિતાવશો.

મિથુન: આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. રાજ્યમાં સન્માન, પ્રતિષ્ઠા વધશે.

કર્ક: આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.

સિંહ: આજે તમારી રાશિમાં ગ્રહોના જોડાણને કારણે શુભ સંયોગો થઈ રહ્યા છે. પરિણામે વૃદ્ધ લોકોની સેવા અને શુભ કાર્યો પર પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે.

તુલા: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્રોત સર્જાશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. રાજકીય ક્ષેત્રે અકાળે સફળતા પ્રાપ્ત થશે અને બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂર્ણ થશે.

ધન: આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.

મકર: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

કુંભ: આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. પાછળથી દગો થઈ શકે છે.

મીન: આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે.


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com



અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે,અમરેલી-૩૬૫૬૦૧



નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
MARUTI SUZUKI | TATA | Mahindra | TOYOTA | HYUNDAI
મહાદેવ મોટર્સ
દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશીંગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી



ડ્રીમ ફેમિલી સ્પા - ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

**તંત્રી લેખ**

# પત્ની પીડિત પુરુષોનો પોકાર

પત્નીના ત્રાસથી પતિઓના આત્મહત્યાના કેસો દિવસે દિવસે વધતા જાય છે કારણ કે જે કાયદા છે તે માત્ર સ્ત્રીઓ તરફી જ છે. આમાં પુરુષોની કોઈ વાત ધ્યાનમાં લેવાતી નથી. સમગ્ર સિસ્ટમ સ્ત્રીઓ તરફી હોવાથી પુરુષોને સખત અન્યાય થઈ રહ્યા છે. જેને કારણે આપણા દેશમાં અનેક પુરુષો આત્મહત્યા કરી રહ્યા છે જેમાં બહુ ઓછા કેસ જાહેર થાય છે. અહીં પત્ની તથા તેના સગા જે આક્ષેપો કરે તે આક્ષેપો સાચા માનીને પુરુષો પર જ કાર્યવાહી થઈ રહી છે. અતુલ સુભાષ નામના એન્જિનિયરે પત્નીના ત્રાસથી આત્મહત્યા કરી અને આ બાબતે ભારતભરમાં ચર્ચા જગાવી છે.

એન્જિનિયર અતુલ સુભાષ આત્મહત્યા કેસમાં ઘણી ચોંકાવનારી માહિતી સામે આવી છે. જે ન્યાયિક વ્યવસ્થા પર સવાલો ઉભા કરી રહી છે. ૯૦ મિનિટના વીડિયોમાં અતુલે જણાવ્યું કે, કેવી રીતે તેની પત્ની અને સાસરિયાઓએ તેની સામે ૯ ખોટા કેસ દાખલ કર્યા અને તેને ટોર્ચર કર્યા. તેણે મહિલા જજ પર લાંચ માંગવા જેવા ગંભીર આરોપો પણ લગાવ્યા હતા. આવો જાણીએ વીડિયોમાં અતુલે શું કર્યો ખુલાસો.

ઉત્તર પ્રદેશના એઆઈ એન્જિનિયર અતુલ સુભાષ આત્મહત્યા કેસે સમગ્ર દેશમાં ચર્ચામાં જગાડી છે. આત્મહત્યા કરતા પહેલા તેણે ૨૪ પાનાની સુસાઈડ નોટ લખી હતી. એક વીડિયો પણ શેર કર્યો છે જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો છે. આ વીડિયો સામે આવ્યા બાદથી આ મામલામાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. સુસાઈડ નોટમાં જણાવવામાં આવ્યું હતું કે, તેની પત્ની અને પત્નીના પરિવારના સભ્યોએ તેની વિરુદ્ધ કાવતરું ઘડ્યું હતું. તેને ૯ બનાવટી કેસમાં ફસાવવામાં આવ્યો હતો. અતુલે મહિલા જજ પર પણ ગંભીર આરોપ લગાવ્યા છે. અતુલે ઓડિયોમાં ઘણી ચોંકાવનારી વાતો કહી છે, જે તમને વિચારવા મજબૂર કરી દેશે.

અતુલે કહ્યું, મારા મૃત્યુ માટે પાંચ લોકો જવાબદાર છે. જૌનપુરની પ્રિન્સિપલ ફેમિલી કોર્ટના જજ રીટા કૌશિક, પત્ની નિકિતા સિંઘાનિયા, સાસુ નિશા સિંઘાનિયા, મારા સાળા અનુરાગ સિંઘાનિયા ઉર્ફે પીયૂષ સિંઘાનિયા, કાકા સસરા સુશીલ સિંઘાનિયા. આજે હું તમને જણાવીશ કે મારા વૃદ્ધ માતા-પિતા અને મારા ભાઈ પર કેટલા કેસ દાખલ થયા છે. અમારા પર કેવી રીતે અત્યાચાર ગુજારવામાં આવ્યો છે. અમારી પાસેથી કેટલા પૈસા પડાવવામાં આવ્યા છે અને મને આત્મહત્યા કરવા માટે કેવી રીતે પરોક્ષ પ્રયાસો કરવામાં આવ્યા છે. એવા સંજોગો સર્જાયા છે કે મારી પાસે આત્મહત્યા સિવાય કોઈ વિકલ્પ નથી.

હું કોર્ટની તારીખોમાં હાજરી આપવા ૪૦ વખત બેંગલુરુથી જૌનપુર ગયો છું. આ સિવાય મારા માતા-પિતા અને ભાઈને પણ કોર્ટના ચક્કર લગાવવા પડે છે. કોર્ટની તારીખમાં હાજરી આપવા માટે મને બે દિવસ લાગે છે. મને એક વર્ષમાં માત્ર ૨૩ રજાઓ મળે છે. તમે કલ્પના કરી શકો છો કે તે મારા માટે કેટલું મુશ્કેલ હશે. મોટાભાગની તારીખોમાં કંઈ થતું નથી. કાં તો ન્યાયાધીશ રજા પર છે, અથવા વકીલો હડતાળ પર છે અથવા અન્ય વકીલ આગામી તારીખની માંગ કરી શકે છે. મતલબ કે તમે માત્ર કોર્ટમાં જઈને તમારો સમય બગાડો છો.

# ત્રિદેવનું પરમ સ્વરૂપ એટલે ભગવાન દત્તાત્રેય

માગસર સુદ પૂનમના દિવસે ભગવાન દત્તાત્રેયની જન્મ જયંતી છે. આદિ જગતગુરુ તરીકે વિખ્યાત ભગવાન દત્તાત્રેય એ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રિદેવનું સ્વરૂપ છે. ભગવાન દત્તાત્રેય સહજ સિદ્ધિ આપનારા, સુખ આપનારા, સંપત્તિ આપનારા દેવ છે. તેમના નામ સ્મરણથી જ દુઃખ દૂર થાય છે.

દત્તાત્રેયમાં ઈશ્વર અને ગુરુ એમ બંને રૂપ સમાયેલાં છે, તેથી જ તેમને 'પરબ્રહ્મમૂર્તિ સદ્‌ગુરુ' અને 'શ્રી ગુરુદેવદત્ત' પણ કહેવામાં આવે છે. તેમને પરમ યોગી, સાધક, ગુરુવંશના પ્રથમ ગુરુ અને વૈજ્ઞાનિક પણ માનવામાં આવે છે. હિન્દુ ધર્મના ત્રિદેવ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પ્રચલિત વિચારધારાના વિલય માટે જ તેમનો જન્મ થયો હતો. ત્રણેય સંપ્રદાયના લોકોની તેમના પર આસ્થા છે અને તેથી જ માગશર સુદ પૂનમના દિવસે દત્તાત્રેય જયંતીની તેઓ ધૂમધામપૂર્વક ઉજવણી કરે છે. તંત્ર સાથે જોડાયેલા હોવાને કારણે દત્તાત્રેયને નાથ પરંપરા અને સંપ્રદાયના અગ્રજ માનવામાં આવે છે. ભગવાન દત્તાત્રેયે વેદ અને તંત્ર માર્ગનો વિલય કર્યો હતો. આ સિવાય તેમણે બ્રહ્મવિદ્યાનો પણ પ્રચાર કર્યો હતો. દત્તાત્રેય ઉપર બે મુખ્ય ગ્રંથ છે. એક 'અવતાર ચરિત્ર' અને બીજો 'ગુરુ ચરિત્ર'. આ બંને ગ્રંથોને વેદતુલ્ય માનવામાં આવે છે. દત્તાત્રેય જયંતી પૂર્વે ભક્તો ગુરુ ચરિત્રનો પાઠ કરે છે. તેમાં કુલ ૫૨ અધ્યાયમાં ૭૪૯૧ પંક્તિઓ છે. તેમાં શ્રીપાદ, શ્રીવલ્લભ અને શ્રીનરસિંહ સરસ્વતીની લીલાઓ અને ચમત્કારોનું વર્ણન છે. શ્રી રંગ અવધૂત પણ ભગવાન દત્તાત્રેયના પરમ ભક્ત હતા. તેમણે રચેલી દત્તબાવની આજે દરેક મુખે પહોંચી ગઈ છે. જેમાં ભગવાન દત્તાત્રેયની લીલાઓનું વર્ણન છે.

દત્તાત્રેયના જન્મની કથાઓ બ્રહ્માંડ પુરાણમાં વર્ણિત કથા અનુસાર સતયુગમાં ગુરુ ઉપદેશ પરંપરા ક્ષીણ તથા શ્રુતિઓના લુપ્તપ્રાય થવાને કારણે પોતાની વિલક્ષણ સ્મરણ શક્તિ દ્વારા તેના પુનરુદ્ધાર તથા વૈદિક ધર્મની પુનઃ સ્થાપનાના હેતુથી ભગવાન શ્રી વિષ્ણુએ દત્તાત્રેય સ્વરૂપે માગશર સુદ પૂનમના દિવસે સતી અનસૂયાને ત્યાં જન્મ લીધો. એક સૌથી વધારે પ્રચલિત કથા અનુસાર નારદજીના મુખે મહાસતી અનસૂયાના સતીત્વની પ્રશંસા સાંભળીને ઉમા, રમા અને સરસ્વતીને ઈર્ષ્યા થઈ અને તેમણે પોતપોતાના પતિઓને અનસૂયાના પતિવ્રત અને સતીત્વની પરીક્ષા કરવા માટે મહર્ષિ અત્રિના આશ્રમમાં મોકલ્યા. અત્રિ ઋષિ આશ્રમમાં નહોતા ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે સાધુનો વેશ ધારણ કર્યો અને આશ્રમમાં પહોંચીને ભિક્ષા માગવા લાગ્યા.

અતિથિ-સત્કારની પરંપરા અનુસાર સતી અનસૂયાએ ત્રણે સાધુઓનું સ્વાગત કરીને તેમને ભોજન માટે નિમંત્રણ આપ્યું, પરંતુ સાધુવેશધારી ત્રિમૂર્તિઓએ કહ્યું, "હે સાધ્વી, અમારો એક નિયમ છે. તમે નિર્વસ્ત્ર થઈને ભોજન પીરસશો તો જ અમે ભોજન કરીશું." તેથી સતી શિરોમણી અનસૂયાએ પોતાના સતીત્વની અમોઘ શક્તિના પ્રભાવથી સાધુવેશધારી ત્રિદેવ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ)ને નવજાત બાળક બનાવીને વાત્સલ્ય ભાવે દૂધ-ભાત ખવડાવ્યાં અને પોતાના ખોળામાં સૂવડાવ્યા. ત્રણેય બાળકો ગાઢ નિદ્રામાં સૂઈ ગયાં. ત્યારબાદ અનસૂયાજીએ ત્રણે બાળકોને પારણામાં સૂવડાવી દીધાં.

ત્રણેય દેવીઓ પોતાના પતિ ઘણો સમય વીતવા છતાં પરત ન ફરતાં તેમને શોધવા માટે મહર્ષિ અત્રિના આશ્રમે પહોંચી. તેમણે અનસૂયાજીને પોતાના પતિને પરત સોંપવા જણાવ્યું. ત્યારે અનસૂયાજીએ ત્રણે દેવીઓને પ્રણામ કરીને કહ્યું, "માતાઓ, આ પારણામાં સૂતાં બાળકો તમારા પતિ હોય તો તમે તેમને લઈ જઈ શકો છો."

ત્રણે દેવીઓ મૂંઝવણમાં મુકાઈ, કારણ કે ત્રણે બાળકો એકસમાન લાગતાં હતાં અને ગાઢ નિદ્રામાં હતાં. આમ, પોતાના પતિની ઓળખ કરવાનું કામ ત્રણે દેવીઓને કઠિન લાગ્યું. આખરે ત્રણે દેવીઓની ક્ષમાયાચના તથા પ્રાર્થના સાંભળીને બાળક બનેલા ત્રિદેવોને ફરીથી પોતાનું અસલી સ્વરૂપ પ્રદાન કર્યું. આ ત્રણેય દેવોએ અત્રિ-અનસૂયાને ત્યાં પુત્ર સ્વરૂપે જન્મવાનું વચન આપ્યું. બ્રહ્માજીના અંશમાંથી રજોગુણપ્રધાન સોમ, વિષ્ણુના અંશમાંથી સત્ત્વગુણ પ્રધાન દત્ત અને શંકરના અંશમાંથી તમોગુણપ્રધાન દુર્વાસાના રૂપમાં માતા અનસૂયાના પુત્ર બનીને અવતાર ધારણ કર્યો. વિષ્ણુ દ્વારા અહં તુભ્યંમયાદત્ત કહીને અવતાર ધારણ કરવાને કારણે તથા અત્રિ મુનીના પુત્ર હોવાને કારણે આત્રેય અને દત્તના સંયોગથી દત્તાત્રેય નામકરણ થયું.મરાઠી ધર્મગ્રંથ શ્રી ગુરુચરિત્રમાં વર્ણિત છે કે યજ્ઞોપવીત સંસ્કાર બાદ સોમ અને દુર્વાસાએ પોતાનું સ્વરૂપ તથા તેજ દત્તાત્રેયને પ્રદાન કરીને તપસ્યા કરવા માટે વનમાં પ્રસ્થાન કર્યું. તેથી ત્રિગુણાત્મક,



ત્રિમૂર્તિ અને ત્રિશક્તિ સંપન્ન ત્રિદેવનું એકીકૃત સ્વરૂપ બન્યા દત્તાત્રેય. પોતાના બંને પુત્રો બ્રહ્મા (સોમ) અને મહેશ (દુર્વાસા)ના વિયોગથી દુઃખી સતી અનસૂયાના દુઃખને દૂર કરવા માટે ભગવાન વિષ્ણુએ પોતાના સ્વરૂપને ત્રણ રૂપમાં ધારણ કર્યું હતું. ભગવાન દત્તાત્રેય પ્રાતઃકાળે બ્રહ્માજીના રૂપમાં, મધ્યાહ્ન સમયે વિષ્ણુજીના રૂપમાં અને સાંજના સમયે શંકર ભગવાનનાં રૂપમાં દર્શન આપતા હતા.

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

માર્કંડેય પુરાણમાં દત્તાત્રેયની ઉત્પત્તિ કથા પ્રમાણે એક કોઢી બ્રાહ્મણની સ્ત્રી પતિવ્રતા અને સ્વામિભક્ત હતી. એક વાર તે બ્રાહ્મણ એક વેશ્યા પર આસક્ત થઈ ગયો. તેની આજ્ઞા અનુસાર તેની પતિવ્રતા પત્ની તેને પોતાના ખભા પર બેસાડીને અંધારી રાત્રે તે વેશ્યાના ઘરે જવા નીકળી. રસ્તામાં માંડવ્ય ઋષિ તપસ્યા કરી રહ્યા હતા. અંધારામાં કોઢી બ્રાહ્મણનો પગ તેમને વાગ્યો. જેથી તેમની તપસ્યામાં ભંગ પડયો. જેને કારણે ક્રોધવશ તેમણે શાપ આપ્યો કે જેનો પગ મને વાગ્યો છે તે સૂર્યોદય થતાંની સાથે જ મૃત્યુ પામે. સતી સ્ત્રીએ પોતાના પતિની રક્ષા કરવા અને વૈધવ્યથી બચવા માટે કહ્યું, "જાઓ સૂર્યોદય જ નહીં થાય." જ્યારે સૂર્યનો ઉદય ન થયો અને પૃથ્વીના નાશની શક્યતા વર્તાવા લાગી ત્યારે બધા દેવતાઓ મળીને બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ તેમને અત્રિ મુનીની પત્ની અનસૂયા પાસે જવાની સલાહ આપી. દેવતાઓ અનસૂયા પાસે જઈને પ્રાર્થના કરવા લાગ્યા, તેથી અનસૂયાજીએ જઈને તે બ્રાહ્મણની પત્નીને સમજાવી અને કહ્યું કે, "તું સૂર્યોદય થવા દે. તારા પતિને મૃત્યુ પામતાંની સાથે જ હું ફરીથી તેને સજીવન કરી દઈશ અને તેનું શરીર પણ નિરોગી થઈ જશે." તેણે અનસૂયાજીની વાત માની લીધી. ત્યારબાદ સૂર્યોદય થયો અને મૃત્યુ પામેલા બ્રાહ્મણને અનસૂયાજીએ ફરીથી જીવતો કર્યો. દેવતાઓએ પ્રસન્ન થઈને અનસૂયાજીને વરદાન માગવા કહ્યું. અનસૂયાજીએ વરદાન માગ્યું કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેય મારા ગર્ભથી જન્મ લે. બ્રહ્માજીએ આ વાતનો સ્વીકાર કર્યો અને ત્યારબાદ બ્રહ્માજીએ સોમ, વિષ્ણુ ભગવાને દત્તાત્રેય અને મહેશ્વરે દુર્વાસા બનીને અનસૂયાના ઘરે જન્મ લીધો. જ્યારે હૈહયરાજે અત્રિને બહુ કષ્ટ પહોંચાડયું ત્યારે દત્તાત્રેય ક્રોધિત થઈને સાતમા દિવસે જ ગર્ભમાંથી નીકળી આવ્યા.

દત્તાત્રેયના ચોવીસ ગુરુભાગવત અનુસાર ભગવાન દત્તાત્રેયે જીવનમાં ઘણાં લોકો પાસેથી શિક્ષા લીધી છે. તેમણે અન્ય પશુઓનાં જીવન અને તેમના કાર્યકલાપો દ્વારા શિક્ષા ગ્રહણ કરી છે. દત્તાત્રેયજીએ કહ્યું છે કે જેનામાંથી જેટલા-જેટલા ગુણ મળ્યા છે તેમને તે ગુણોના પ્રદાતા માનીને મેં તેમને મારા ગુરુ માન્યા છે. આમ તેમણે ચોવીસ ગુરુ કર્યા હતા. આ ચોવીસ ગુરુ છે- પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્રમા, સૂર્ય, કબૂતર, અજગર, સાગર, પતંગિયું, મધુકર (ભમરો અને મધમાખી), હાથી, મધુહારી (મધનો સંગ્રહ કરવાવાળી), હરણ, માછલી, પિંગળા વેશ્યા, ગીધ, બાળક, કુંવારી કન્યા, બાણ બનાવનાર, સાપ, કરોડિયો અને ભૃંગી કીટ. દત્તાત્રેયના શિષ્ય સહસ્ત્રાર્જુન, કાર્તવીર્ય, ભાર્ગવ, પરશુરામ, યદુ, અલર્ક, આયુ અને પ્રહ્‌લાદ દત્તાત્રેય ભગવાનના શિષ્યો હતા. દત્તાત્રેયે પરશુરામને ત્રણ સંપ્રદાય (વૈષ્ણવ, શૈવ અને શાક્ત)ના સંગમસ્થળ ત્રિપુરામાં શિક્ષા-દીક્ષા આપી હતી. દત્તાત્રેયે પરશુરામજીને શ્રી વિદ્યા-મંત્ર પ્રદાન કર્યા હતા.

## શબ્દ સંજોગ-૧૯૧૬



**આડી ચાવી :**
(૧) મહાત્મા ગાંધીજીના પિતાજી (૫)
(૫) પ્રદેશનો માપસરનો આલેખ (૩)
(૮) ધૂળનો કણ (૨)
(૯) દળી નાખવું તે (૩)
(૧૧) લાગ, મોકો (૨)
(૧૨) ........જણાવવાનું કે... (૨)
(૧૩) બળદની એકધારા વેગવાળી ચાલ (૩)
(૧૫) અભણ વ્યકિત માટે વપરાતો વ્યંજન (૧)
(૧૬) જીવડાંએ સાગરમાં બનાવેલું ઘર (૩)
(૧૮) ક્ષમા, શાંતિ (૨)
(૨૦) હવા, પવન (૨)
(૨૧) ચામડું, ચામડી (૨)
(૨૨) કૂમળુ, મુલાયમ (૩)
(૨૪) શરીરના અવયવ, સાંધા (આ-અ) (૩)
(૨૭) ઉપનિષદોમાં પ્રસિધ્ધ બ્રહ્મવાદિની સ્ત્રી (૨)
(૨૮) ઝીણાં પાંદડા (૨)
(૩૦) દાઝયા પર ન દેવાય (૨)
(૩૨) સોગટાં વડે રમાતી એક બાજી (૩)
(૩૪) હલકું, નાનું (૨)
(૩૫) પાલખી ઉંચકનાર (૩)
(૩૬) આ કોઈની રાહ જોતી નથી (૨)

**ઉભી ચાવી :**
(૧) દેવું, ઋણ (૩)
(૨) ધોળું, રૂપાનું (૩)
(૩) સુંખડનું વૃક્ષ કે લાકડું (૩)
(૪) પાંદડું, પર્ણ (૨)
(૬) કાપાકાપી, ખૂનરેજી (૩)
(૭) "નવ કરશો કોઈ......,રસિકડા નવ......." (૨)
(૧૦) "તમે સાજા....તો છો ને ?" (૩)
(૧૪) એક કઠોળ (૨)
(૧૬) દસ લાખ (૩)
(૧૭) આકાશ (૨)
(૧૮) માટીનું કોડિયું (૩)
(૧૯) બાળભાષામાં ચાવણું (૨)
(૨૩) ઘોડાને બાંધેલી હાંકનારના હાથમાં રહેતી દોરી (૩)
(૨૫) અંત, છેડો (અ) (૨)
(૨૬) ઉનનું એક જાતનું પાથરણું (૩)
(૨૯) પ્રસિધ્ધ પ્રાચીન વૈદક શાસ્ત્રી (૩)
(૩૦) મડદાંને બાળવા લઈ જનાર (૨)
(૩૧) અગ્નિની સ્ત્રી (૨)
(૩૩) .....ના પારખાં ન હોય (૨)

## શબ્દ સંજોગ-૧૯૧૫ જવાબ

**આડી ચાવી:** (૧) પ્રખર (૩) રોકડ (૬) મવાલ (૮) મદાર (૧૦) પર (૧૨) દાડમ (૧૩) કાશ (૧૪) સનમ (૧૬) કોબી (૧૭) મૂરત (૧૮) અન્ન (૧૯) વે (૨૦) પ્રગતિ (૨૧) મહા (૨૩) શરમ (૨૫) જઠર (૨૬) જભાંડગ (ભાંજગડ) (૨૮) ધારી (૨૯) તરલ.
**ઉભી ચાવી:** (૧) પ્રતાપ (૨) રજા (૩) રોલ (૪) ડમડમ (૫) જાર (૭) વામ (૯) દામ (૧૧) રકાબી (૧૨) દાનત (૧૪) સરદાર (૧૫) ઉન્નતિ (૧૬) કોકમ (૧૮) અગવડ (૨૨) હાજરી (૨૩) શરત (૨૪) મજલ (૨૭) ગર્વ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૭૬ |
| ઘઉં લોકવન | ૫૮૬ | ૬૧૩ |
| ઘઉં ટુકડા | ૫૯૮ | ૬૭૮ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૮૦૦ |
| બાજરી | ૪૧૧ | ૫૬૯ |
| તુવેર | ૧૫૦૦ | ૨૧૦૦ |
| ચણા પીળા | ૧૧૩૦ | ૧૨૬૫ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૨૬૪૧ |
| અડદ | ૧૩૮૧ | ૧૭૦૦ |
| મગ | ૧૧૦૦ | ૧૭૭૮ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળી | ૧૩૫૦ | ૨૮૬૦ |
| મઠ | ૬૦૦ | ૧૦૨૬ |
| કળથી | ૯૩૫ | ૧૧૨૭ |
| સીંગદાણા | ૧૨૭૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૮૬૧ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૮૭૫ | ૧૨૨૫ |
| તલી | ૨૧૪૨ | ૨૬૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૧૮ |
| અજમો | ૨૨૦૦ | ૨૨૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૯૦૭ |
| સીંગફાડા | ૯૭૦ | ૧૨૩૫ |
| કાળા તલ | ૩૦૪૦ | ૪૪૪૪ |
| લસણ | ૩૫૦૦ | ૪૭૭૦ |
| ધાણા | ૧૩૨૦ | ૧૪૯૦ |
| મરચા સુકા | ૧૨૫૦ | ૨૫૩૦ |
| ધાણી | ૧૩૬૦ | ૧૫૫૧ |
| વરીયાળી | ૧૦૩૦ | ૧૪૦૮ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૫૯૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૩૦૦ |
| કલોંજી | ૩૩૬૦ | ૩૭૬૬ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૨૫ |
| રજકાનું બી | ૩૯૦૦ | ૫૦૨૫ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૬૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૨૫૦ | ૮૫૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૬૩૦ |
| ટમેટા | ૪૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૬૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૭૦ | ૨૪૦ |
| ફલાવર | ૨૦૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૪૦ |
| કારેલા | ૪૫૦ | ૭૦૦ |
| સરગવો | ૨૦૦ | ૨૨૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૫૦ | ૩૮૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| તુવેરસીંગ | ૫૫૦ | ૮૦૦ |
| ગલકા | ૪૫૦ | ૭૦૦ |
| બીટ | ૨૫૦ | ૪૩૦ |
| મેથી | ૨૨૦ | ૩૧૦ |
| વાલ | ૬૫૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૩૦૦ | ૭૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૪૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૨૮૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૨૦ | ૧૨૨૧ |
| ગિરનારી શિંગ | ૧૦૭૫ | ૧૨૧૦ |
| શિંગ મોટી | ૮૩૦ | ૧૨૪૮ |
| શિંગફાડા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૭૭૫ |
| તલ કાળા | ૨૮૩૫ | ૪૬૮૦ |
| તલ કાશ્મીરી | ૩૦૩૦ | ૩૨૪૪ |
| બાજરો | ૩૫૯ | ૫૬૯ |
| જુવાર | ૪૦૦ | ૭૧૦ |
| ઘઉં ટુકડા | ૫૬૫ | ૬૩૪ |
| ઘઉં લોકવન | ૫૪૯ | ૬૩૫ |
| અડદ | ૫૨૦ | ૧૩૦૦ |
| ચણા | ૮૪૦ | ૧૨૫૩ |
| તુવેર | ૧૨૦૦ | ૧૮૩૫ |
| કપાસ | ૯૭૦ | ૧૪૫૯ |
| એરંડા | ૧૦૬૦ | ૧૧૯૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૫૮૦ |
| ધાણા | ૯૩૦ | ૧૩૮૩ |
| મેથી | ૫૫૦ | ૧૦૬૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૨૭ |

| | | |
|---|---|---|
| રજકાના બી | ૪૮૦૦ | ૪૮૦૦ |
| મરચા લાંબા | ૪૭૦ | ૩૧૬૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૮૦ | ૫૮૦ |
| રીંગણાં | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૨૫૦ | ૩૧૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૫૦ |
| ટામેટા | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૨૦ |
| દૂધી | ૧૦૦ | ૩૨૦ |
| કારેલા | ૬૮૦ | ૭૪૦ |
| ગલકા | ૫૨૦ | ૭૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૪૦ |
| કાકડી | ૩૦૦ | ૬૨૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૪૦ | ૧૮૪૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| આમળા | ૬૦૦ | ૮૦૦ |
| તુવેર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૨૦ |
| હળદર લીલી | ૯૦૦ | ૧૧૦૦ |
| આદુ | ૭૫૦ | ૮૫૦ |
| કોથમીર | ૭૦૦ | ૧૦૨૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૨૦ |
| બીટ | ૯૦૦ | ૧૧૦૦ |
| વાલ | ૮૦૦ | ૯૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૬૦૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૩૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૩૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૨૦ |
| ડુંગળી સૂકી | ૧૩૦ | ૬૦૦ |
| લસણ લીલુ | ૩૨૦૦ | ૪૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૫૦૦ |
| પાલક | ૪૦૦ | ૬૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૫૧ | ૧૪૪૧ |
| ઘઉં લોકવન | ૫૦૬ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૭૧૪ |

| | | |
|---|---|---|
| સિંગ ફાડીયા | ૯૫૦ | ૧૨૬૧ |
| એરંડા / એરંડી | ૧૧૮૬ | ૧૨૦૬ |
| જીરૂ | ૩૩૦૧ | ૪૬૫૧ |
| વરીયાળી | ૧૪૨૧ | ૧૪૨૧ |
| ધાણા | ૮૫૧ | ૧૬૨૫ |
| લસણ સુકું | ૧૫૬૧ | ૪૭૮૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૬૮૧ |
| મઠ | ૬૧૧ | ૧૦૫૧ |
| તુવેર | ૧૬૦૦ | ૧૯૦૧ |
| રાજગરો | ૯૧૧ | ૯૧૧ |
| મેથી | ૭૪૧ | ૯૨૧ |
| કાંગ | ૩૧ | ૧૦૮૧ |
| સફેદ ચણા | ૧૨૦૦ | ૨૩૬૧ |
| તલ - તલી | ૧૮૦૧ | ૨૫૩૧ |
| ઇસબગુલ | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ધાણી | ૯૫૧ | ૧૭૦૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૫૫૧ |
| બાજરો | ૪૯૧ | ૫૪૧ |
| જુવાર | ૪૧૧ | ૬૮૧ |
| મકાઇ | ૪૭૧ | ૫૨૧ |
| મગ | ૧૨૦૧ | ૧૭૦૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૭૧ |
| વાલ | ૮૫૧ | ૧૩૭૬ |
| ચોળા / ચોળી | ૮૫૧ | ૧૯૮૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૯૧ |
| અજમાં | ૧૭૦૧ | ૧૭૦૧ |
| કળથી | ૪૪૧ | ૧૦૩૧ |
| ગોગળી | ૭૦૦ | ૮૨૫ |
| વટાણા | ૨૭૦૧ | ૩૦૩૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૧૦ | ૧૪૯૦ |
| કપાસ મીડીયમ | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મગફળી જીરું | ૧૦૬૮ | ૧૧૫૨ |
| મગફળી બીટી | ૯૦૮ | ૧૦૬૨ |
| અડદ | ૧૧૪૫ | ૧૨૨૫ |
| ઘઉં | ૫૦૯ | ૬૫૧ |
| તલ સફેદ | ૨૦૪૦ | ૨૩૬૦ |
| તલ કાળા | ૩૩૭૦ | ૩૯૦૦ |
| જીરૂ | ૩૯૭૦ | ૪૪૩૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૦૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૧૮૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૫૧ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૯૧ |
| તલ સફેદ | ૨૪૧૩ | ૨૫૮૭ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૪૨૫ |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૬૫ | ૧૪૬૦ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૦ |
| ઘઉંટુકડા | ૫૪૦ | ૬૨૫ |
| બાજરો | ૫૧૧ | ૭૨૫ |
| જુવાર | ૪૦૦ | ૭૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૮૫૦ | ૧૩૬૧ |
| તુવેર | ૧૬૦૦ | ૧૮૮૦ |
| રાય/રાયડો | ૭૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૪૬ | ૧૪૮૫ |
| મગફળી | ૭૧૫ | ૧૧૩૦ |
| ઘઉ | ૫૭૪ | ૫૮૭ |
| ચણા | ૯૪૫ | ૧૨૪૧ |
| છોલે ચણા | ૧૨૦૦ | ૧૫૦૫ |
| ધાણા | ૯૪૦ | ૧૨૧૫ |
| સોયાબીન | ૭૧૭ | ૭૯૦ |
| એરંડા | ૮૫૫ | ૧૦૨૫ |
| તલ | ૧૮૦૫ | ૨૩૩૫ |
| મેથી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ઘઉ લોકવન | ૪૧૮ | ૫૭૨ |
| ઘઉ ટુકડા | ૫૧૫ | ૫૯૧ |
| જુવાર | ૫૦૦ | ૬૧૦ |
| સોયાબીન | ૫૪૦ | ૭૬૨ |
| મગફળી | ૫૦૦ | ૧૧૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૪ |
| તલ સફેદ | ૧૬૧૦ | ૨૨૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૪૦ |
| મગ | ૮૦૦ | ૧૧૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૧૦ |
| શીંગદાણા | ૧૦૮૫ | ૧૨૦૧ |
| ચણા સોલે | ૧૮૮૦ | ૧૮૮૦ |
| ચણા સફેદ | ૧૧૦૭ | ૧૨૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૫૧ | ૧૪૫૧ |
| મગફળી | ૮૫૦ | ૧૧૧૦ |
| તલ સફેદ | ૨૨૭૫ | ૨૨૭૫ |
| સોયાબીન | ૭૬૨ | ૭૬૨ |
| બાજરો | ૫૫૧ | ૫૫૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૧૦૬૧ |
| તલ સફેદ | ૨૩૫૧ | ૨૫૧૧ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૫૧ |

| | | |
|---|---|---|
| બાજરો | ૫૦૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૧૬ |
| જુવાર | ૫૦૦ | ૭૬૬ |
| મકાઈ | ૪૯૦ | ૪૯૦ |
| મગ | ૧૬૦૧ | ૨૩૨૫ |
| મઠ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| અડદ | ૭૫૦ | ૧૬૦૦ |
| તુવેર | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ચણા | ૯૫૦ | ૧૩૫૬ |
| સોયાબીન | ૭૪૧ | ૭૮૯ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૬ |
| ઘઉં | ૪૮૦ | ૬૧૨ |
| ચણા | ૧૦૦૧ | ૧૩૦૦ |
| અડદ | ૧૨૦૧ | ૧૬૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૨૦૧ |
| શિંગફાડા | ૯૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૨૨૧ |
| જીરૂ | ૪૦૦૧ | ૪૩૨૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૨૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૧૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરું | ૧૦૦૦ | ૧૧૪૧ |
| મગફળી ૩૨નં. | ૯૧૧ | ૧૦૪૮ |
| બાજરી | ૫૦૦ | ૫૮૧ |
| ઘઉં | ૫૫૦ | ૬૫૮ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૪૦૪ |
| સોયાબીન | ૭૬૬ | ૮૧૬ |
| જુવાર | ૬૦૦ | ૭૪૨ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૨૧ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૩૨ |
| કપાસ | ૧૩૮૦ | ૧૪૪૨ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૧૩ | ૯૧૬ |
| બાજરી | ૪૦૦ | ૬૪૨ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૭૦૬ |
| અડદ | ૯૦૬ | ૨૧૩૦ |
| મગ દેશી | ૧૫૦૦ | ૨૨૧૦ |
| સોયાબીન | ૭૭૮ | ૮૧૦ |
| ચણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| તુવેર | ૯૦૧ | ૯૦૧ |
| જીરૂ | ૯૦૦ | ૪૨૦૫ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૭૬૮ |
| ડુંગળી સફેદ | ૨૧૪ | ૬૭૨ |
| કપાસ શંકર | ૧૩૧૩ | ૧૪૩૫ |
| નાળિયેર | ૬૦૦ | ૨૬૦૨ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના કાર્યાલયે વિવિધલક્ષી કેમ્પ

લાઠી,તા.૧૩

લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના કાર્યાલય ખાતે આજે આયુષ્યમાન વયવંદના કાર્ડ કેમ્પ, રેશનકાર્ડ ઈ-કેવાયસી અને ફાર્મર રજિસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં અમરેલી જિલ્લાના



નવનિયુક્ત એસ.પી. સંજય ખરાટ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે જીતુભાઈ ડેર, ઘનશ્યામભાઈ સાવલીયા, રાજુભાઈ ભુવા, રાકેશભાઈ સોરઠીયા, હિંમતભાઈ એવીયા, વજુભાઈ શંકર, રોમિતભાઈ કોટડીયા, હિંમતભાઈ રાઠોડ, બાબુભાઈ ખુમાણ વગેરે અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. લોકોએ ધારાસભ્યના આ પ્રયાસને બિરદાવ્યો હતો.

# ધોરાજીમાં રોડ-રસ્તાના કામમાં બેદરકારી મામલે કોર્ટનો કડક હુકમ

ધોરાજી,તા.૧૩

ધોરાજીમાં વર્ષ ૨૦૧૭-૧૮માં થયેલા રોડ-રસ્તા અને ભૂગર્ભ ગટરના કામમાં ભ્રષ્ટાચાર અને બેદરકારીના આરોપો સંદર્ભે ધોરાજી જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે એક મહત્વનો નિર્ણય આપ્યો છે. કોર્ટે આ મામલે જવાબદાર તમામ અધિકારીઓ, પદાધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કાર્યવાહી કરવાનો આદેશ કર્યો છે. ધોરાજીના જાગૃત નાગરિક અને એડવોકેટ સી.એસ. પટેલે આ મામલે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે, ધોરાજી નગરપાલિકા અને પાણી પુરવઠા બોર્ડ દ્વારા આ કામો હાથ ધરવામાં આવ્યા હતા. જો કે, આ કામોમાં ખૂબ જ નબળી ગુણવત્તા વાળી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને કામ પણ અધૂરું રહી ગયું હતું. આના કારણે શહેરના લોકોને



ભારે હાલાકી ભોગવવી પડી હતી. કોર્ટે ફરિયાદીની દલીલો અને પુરાવાઓને ધ્યાનમાં લઈને નિર્ણય આપ્યો છે. કોર્ટે જણાવ્યું છે કે, આ મામલે જવાબદાર તમામ અધિકારીઓ, પદાધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોએ જાહેર જનતાની સુખાકારીને ધ્યાનમાં લેવાની ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી દાખવી છે. આથી, તેમની વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૬૬ અને ૧૦૬(એ) હેઠળ ગુનો દાખલ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. કોર્ટના આ નિર્ણયથી ધોરાજીમાં ભારે ચર્ચા જાગી છે.

# સાવરકુંડલામાં નિઃશુલ્ક નેત્ર નિદાન અને ચશ્મા વિતરણ કેમ્પ

સાવરકુંડલા, તા.૧૩

ગુજરાત રેડક્રોસ સોસાયટીના ચેરમેન અજયભાઈ પટેલના વિઝન હેઠળ ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે અનેકવિધ સેવા પ્રકલ્પો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ જ પ્રયાસમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા તાલુકા શાખા દ્વારા સાવરકુંડલા શહેરમાં આવેલ ગાંધી ધર્મશાળા ખાતે તારીખ ૨૫ ડિસેમ્બર, બુધવારના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન આંખોની તપાસ અને મફત ચશ્મા વિતરણનો કેમ્પ યોજાશે. આ કેમ્પમાં ભાગ લેવા માટે રૂપિયા પાંચની નોંધણી ફી આપી ગજાનંદ કલીનીક લેબોરેટરી, મહુવા રોડઃ મેહુલભાઈ વ્યાસ (૯૪૨૬૨૨૮૫૭૪, ૮૮૬૬૨૧૧૪૩), વર્ધમાન હોસ્પિટલઃ ૯૪૦૯૧૬૫૯૬૫ અને પીપળીયા હોસ્પિટલઃ ૦૨૮૪૫૨૨૨૫૫ એ રજિસ્ટ્રેશન કરાવી શકાશે.

# કોડીનારના અડવી ગામેથી ડોળાસા સુધીના વાડીના રસ્તાનું દબાણ દૂર કરવા કાર્યવાહી શરૂ

ડોળાસા તા.૧૩

કોડીનાર તાલુકાના અડવી ગામથી ડોળાસા સુધીનો જૂનો અને ૧૦૦થી વધુ ખેડૂતોની વાડીનો રસ્તો છેલ્લા લાંબા સમયથી ગેરકાનૂની દબાણના કારણે સાંકડો બન્યો હતો. પણ અડવી ગામના ખેડૂત દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા ગીર સોમનાથ કલેકટરના આદેશાનુસાર કોડીનાર



તસવીર : અનીલ કાનાબાર

મામલદાર દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ભારે દબાણને કારણે ચોમાસાનું પાણી પણ ભરાવા લાગતા અહી પગપાળા ચાલવું, કે ટ્રેકટર, બળદ ગાડા ચલાવવા ભારે દુષ્કર બનતા અડવી ગામના યુવા ખેડૂત જયેશભાઈ હમીરભાઈ ડોડીયાએ આ રસ્તા ઉપરનું દબાણ દૂર કરી ખુલ્લો કરાવવા માંગ સાથે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હતી. આ અનુસંધાને, રસ્તા ઉપરનું દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

# સુરતમાં કન્ટેનરમાં વિદેશી દારુની હેરાફેરીનો પર્દાફાશ

(એચ.એસ.એલ),સુરત,તા.૧૩

રાજ્યમાં અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતો હોય છે. ત્યારે ફરી એકવાર સુરતમાંથી દારુનો જથ્થો ઝડપાયો છે. સુરતમાં કન્ટેનરમાં વિદેશી દારુની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. ત્યારે એલસીબીએ કન્ટેનરચાલક અને ક્લિનરની ધરપકડ કરી છે. આશરે ૧૪ લાખ ૬૫ હજારના વિદેશ દારુ સહિત ૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. વિદેશી દારુ ભરાવનાર અને મંગાવનારા શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે. બીજી તરફ આ અગાઉ અમદાવાદના સાણંદ વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલએ દરોડા પાડ્યા હતા. સાણંદના ભાટિયાવાસમાં ખુલ્લી જાહેર જગ્યા અને ઘરમાં દરોડા પાડ્યા હતા. મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ભૂપત ઠાકોરના મકાન અને ખુલ્લી જગ્યામાંથી દારૂનો જથ્થો મળ્યો હતો.

# ધોરાજીમાં ભાદરના પુલ ઉપરથી મોતની છલાંગ લગાવનારી યુવતીને સ્થાનિકોએ બચાવી

ધોરાજી, તા.૧૩

ધોરાજી ઉપલેટા નેશનલ હાઈવે પર આવેલ ભાદર નદીના પુલ પરથી યુવતીએ છલાંગ લગાવી દેતા ગંભીર હાલતમાં તેને ધોરાજી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રિફર કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે ધોરાજી તાલુકાના સુપેડી ગામની આંગણવાડી વિભાગમાં



કર્મચારી તરીકે ફરજ બજાવતી યુવતી સંગીતાબેન બટુકભાઈ જાડેજાએ કોઈ કારણોસર મોતને વ્હાલું કરવું હોય તે પ્રકારે ધોરાજી ઉપલેટા નેશનલ હાઈવે પર આવેલ ભાદર નદીના પુલ પરથી ઝંપલાવી દીધું હતું. જેથી આસપાસના સ્થાનિકોએ તેમને નદીમાંથી બહાર કાઢી લીધી હતી ત્યારબાદ ૧૦૮ ને જાણ કરી ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જ્યાંથી વધુ સારવાર અર્થે રિફર કરવામાં આવી હતી. યુવતીએ શા માટે ભાદર નદીના પુલ પરથી છલાંગ લગાવી તે માટે હાલ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# શિંગવડા ડેમનું પાણી ખેડૂતોના ખેતરો સુધી પહોંચ્યું, ખુશીની લહેર

ગીર સોમનાથ, તા.૧૩

ગીર સોમનાથના સૌથી મોટા ડેમ, શિંગવડા ડેમમાંથી ૧૨ ગામોના ખેડૂતોને શિયાળુ પાક માટે પાણી આપવાનું શરૂ થતાં ખેડૂતોમાં ખુશીની લહેર ફરી વળી છે. કોડીનાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા આ ૧૨ ગામોના ખેડૂતો માટે શિંગવડા ડેમનું પાણી જીવાદોરી સમાન છે. આ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે અહીંના ૪ ગામોમાં તો પાણીનો અભાવ જોવા મળે છે. આવા સંજોગોમાં શિંગવડા ડેમનું પાણી મળવું એ



ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે. સિંચાઈ સલાહકાર સમિતિની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ અને ખેડૂતો સાથેની ચર્ચા બાદ, શિંગવડા ડેમમાંથી કેનાલ મારફત પાણી છોડવામાં આવ્યું છે. હાલમાં કેનાલમાં ૬૦ ક્યુસેક પાણીનો પ્રવાહ ચાલુ છે, જે ખેડૂતોના ખેતરો સુધી પૂરતું પાણી પહોંચાડવા માટે પૂરતું છે. ખેડૂતોએ ઘઉં, ચણા, રાયડો જેવા શિયાળુ પાકનું વાવેતર કર્યું છે. શિંગવડા ડેમનું પાણી મળવાથી આ પાકને લાભ થશે. ખેડૂતોએ જણાવ્યું હતું કે, આ કેનાલ જ અમારી જીવાદોરી છે. ઠંડી શરૂ થઈ ચૂકી છે. અમે ઘઉંનું વાવેતર કર્યું છે. કેનાલનું પાણી મળવાના કારણે સારૂ એવું ઉત્પાદન લઈ શકાશે.

# અમરેલીના ચક્કરગઢ રોડ બાયપાસ પાસે સીસી રોડ બનતા લોકોમાં આનંદ

**આઝાદી પછી પ્રથમવાર માર્ગ બન્યો : પાલિકા પ્રમુખ બીપીન લીંબાણી**

અમરેલી તા.૧૩

અમરેલી શહેરના ચક્કરગઢ રોડ બાયપાસ ઉપર આવેલ કાનાણીની વાડી વિસ્તારમાં નગરપાલિકા દ્વારા આઝાદી બાદ સીસી રોડ બનાવવાની કામગીરી હાથ ધરાતા સ્થાનિક રહીશોમાં હર્ષની લાગણી છવાઈ ગઈ હતી. અમરેલી નગરપાલિકાના પ્રમુખ બિપીનભાઈ લીંબાણીએ જણાવેલ હતું કે ચક્કરગઢ રોડ ઉપર આવેલ અને વર્ષોથી રોડ જેવી પાયાની જરુરિયાતથી વંચિત લોકોની માંગણીને આ વિસ્તારના સદસ્યો દ્વારા ધ્યાને લઈ ઓજી વિસ્તારમાં આજે આઝાદી પછી સૌ પ્રાથમવાર સીસી રોડ બનાવવાનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ હતું. જેમાં નગરપાલિકા બાંધકામ સમિતિના ચેરમેન સંદીપ માંગરોળિયા, પૂર્વ પ્રમુખ અલકાબેન ગોંડલીયા, મુકુંદભાઈ સેંજલિયા, કાંતિભાઈ કાનાણી, રસિકભાઈ કાનાણી, પંકજ કાનાણી, આ વિસ્તારના પાલિકાના સદસ્યો દિલાભાઈ વાળા, હરેશભાઈ ચાવડા, અશ્વિનભાઈ કાનાણી તેમજ સ્થાનિક રહીશો ઉપસ્થિત રહેલ હતા. સદસ્યોની કામગીરીથી સ્થાનિકોમાં આનંદ છવાયો હતો.

# ગીર સોમનાથમાં ગોળના ઘટતા ભાવ અને મજૂરોની અછતથી ગોળ ઉત્પાદકો ચિંતિત બન્યા

કોડીનાર તા.૧૩

ગીર સોમનાથ જિલ્લામાં દિવાળી બાદ એક માસનો સમય વીતી ગયા પછી પણ માંડ માંડ ૧૬૦ થી ૧૬૫ જેટલા ગોળના રાબડા ચાલુ થયા છે. જે ગત વર્ષની સરખામણીએ ૫૦ થી ૬૦ ગોળના રાબડા ઓછા ચાલુ થયા છે. શેરડીની કાપણી અને પીલાણના મજૂરની તેમજ ગોળ બનાવનારાની અછત છે. ગોળની સિઝન ચાલુ થયા પછી ગોળના ભાવમાં ૨૦ કિલોએ સરેરાશ રૂપિયા ૧૦૦



નું ગાબડું પડ્યું છે. જેની ચિંતાને લઈને ગીર સોમનાથ જિલ્લા શેરડી અને ગોળ ઉત્પાદક મંડળની એક તાકીદની બેઠક પ્રાચી ખાતે મળી હતી. જેમાં શેરડી પકવતા ખેડૂતોના હિતમાં રાબડા ચાલુ રાખવા નિર્ણય લેવામાં આવ્યો હતો.

# ધોરાજી તાલુકાના ફરેણી ગામેથી પોલીસના બે દરોડામાં ૬૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો

ધોરાજી,તા.૧૩

ધોરાજી તાલુકાના ફરેણી ગામે રૂરલ પોલીસની ટીમે બે દરોડા પાડીને ઈંગ્લીશ દારૂની ૬૦૭ બોટલો ઝડપીને ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે રૂ. ૩ લાખ ૫૫ હજારના દારૂ સહિત કુલ રૂ.૬ લાખ ૪૩ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ફરેણીથી ગુંદાળા જવાના રસ્તે યુવરાજ બાલુ શેખવા નામનો શખ્સ પોતાની વાડીમાં ઈંગ્લીશ દારૂ રાખી વેચાણ કરે છે તેવી બાતમીના આધારે દરોડો પાડતાં યુવરાજ શેખવા વાડીએ હાજર નહોતો. વાડીએથી પોલીસને અલગ અલગ બ્રાન્ડની દારૂની ૧૯ બોટલ મળી કુલ રૂ.૧૧૨૦૦ નો મુદામાલ મળ્યો હતો. ઉપરાંત આ ગામની ખુલ્લી જગ્યામાં કારમાં વિદેશી દારૂની પેટીઓની હેરફેર થાય છે તેવી બાતમી મળી હતી. જેના આધારે પોલીસે તપાસ કરતાં ત્યાંથી ઈનોવા કાર નં.જી.જે.૧૮ એ.સી.૨૭૨૮ મળી આવેલ હતી. તેમજ ત્યાં કોઈ શખ્સ હાજર ન હતો. ત્યાં કારની બાજુમાંથી અલગ અલગ બ્રાન્ડના ઈંગ્લીશ દારૂની પેટીઓમાંથી કુલ ૫૮૮ દારૂની બોટલ મળી હતી, જેની કુલ કિંમત રૂ.૩ લાખ ૪૩ હજાર થાય છે અને કાર મળી કુલ રૂ.૬ લાખ ૪૩ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો. ધોરાજી તાલુકા પોલીસ મથકમાં યુવરાજ શેખવા વિરુદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

# કોડીનાર કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં જમીન આરોગ્ય દિવસની ઉજવણી કરાઈ

કોડીનાર,તા.૧૩

કોડીનાર ખાતે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જામવાળા ગામમાં જમીન આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૨૦ પ્રગતિશીલ ખેડૂતોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં વિષય નિષ્ણાતોએ ખેડૂતોને માટી આરોગ્યના મહત્વ, જમીનમાં સેન્દ્રિય કાર્બનનું સંચાલન અને




તસવીર : ધર્મેશ પાઠક

રોગ જીવાત વ્યવસ્થાપનમાં જમીનનાં સ્વાસ્થ્યના મહત્વ વિશે માહિતી આપી હતી. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાએ માટી પરીક્ષણના મહત્વ અને માટી પરીક્ષણના આધારે ખાતરનો ઉપયોગ કરવાથી થતા ફાયદા વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં ૧૧ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્ડ દ્વારા ખેડૂતો પોતાની જમીનની ગુણવત્તા વિશે માહિતી મેળવી શકશે અને તેના આધારે ખેતી કરી શકશે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના જમીન આરોગ્ય સુધાર અભિયાનના ભાગ રૂપે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં સિઝનની ડુંગળીની રેકોર્ડબ્રેક આવક નોંધાઈ

ગોંડલ,તા.૧૩

સૌરાષ્ટ્રના અગ્રીમ એવા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આ સિઝનમાં ડુંગળીની રેકોર્ડબ્રેક આવક નોંધાઈ હતી. યાર્ડ બહાર મંગળવારે સવારથી સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો જણસી લઈને આવ્યા હોવાથી રાતના ૯ વાગ્યા સુધીમાં અંદાજે ૨ હજારથી વધુ વાહનોની ૭ થી ૮ કિલોમીટર લાંબી લાઈન થઈ હતી. યાર્ડમાં અંદાજે બે લાખ કટ્ટાની આવક



થઈ હતી. હજુ પણ યાર્ડની બહાર ડુંગળી ભરેલા ૫૦૦થી વધુ વાહનોની લાઈન લાગી હોય વહેલામાં વહેલી તકે તેની હરાજી કરાશે. હરાજીમાં ડુંગળીના ૨૦ કિલોનો રૂ. ૨૦૦ થી રૂ. ૮૫૦ સુધીનો ભાવ બોલાયો હતો. આ યાર્ડ લાલ ડુંગળીની આવકમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આ અંગે યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરિયાએ જણાવ્યું હતું કે, લાલ ડુંગળીની ખરીદી માટે રાજસ્થાન, કર્ણાટક, ઓરિસ્સા, મહારાષ્ટ્ર સહિત દેશભરમાંથી મોટી મોટી કંપનીઓના એક્સપર્ટ યાર્ડમાં આવે છે. આજે યાર્ડમાં ડુંગળીની સિઝનની રેકોર્ડબ્રેક આવક થતાં સત્તાધીશોએ અન્ય જાહેરાત ન કરવામાં આવે ત્યાં સુધી ડુંગળીની આવક સદંતર બંધ કરવા જણાવ્યું છે.

# તમિલનાડુના ડિંડીગુલમાં ખાનગી હોસ્પિટલમાં આગ લાગતા ૭ ભડથુ

ડિંડીગુલ,તા.૧૩



તમિલનાડુના ડિંડીગુલમાં એક ખાનગી હોસ્પિટલમાં આગ લાગતા સાત લોકોનાં મોત થયા છે. તમામ હોસ્પિટલની લિફ્ટમાં બેભાન હાલતમાં મળી આવ્યા હતા. આમાં એક સગીરનો પણ સમાવેશ થાય છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના રાત્રે ૯ વાગ્યે બની હતી. ત્રિચી રોડ પર આવેલી ઓર્થોપેડિક કેર સિટી હોસ્પિટલના રિસેપ્શન એરિયામાં આગ લાગી હતી, જે સમગ્ર બિલ્ડિંગમાં ફેલાઈ ગઈ હતી. ઘટના સમયે હોસ્પિટલમાં ૩૦થી વધુ દર્દીઓ હતા. પોલીસના જણાવ્યા અનુસાર આગની ઘટનાની માહિતી મળતા જ બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. દર્દીઓને ૧૦ એમ્બ્યુલન્સમાં નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે લિફ્ટમાંથી મળી આવેલા તમામ લોકોને જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. અન્ય દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# ૧૨ સુખોઈ ફાઈટર જેટ ખરીદવા રૂા. ૧૩૫૦૦ કરોડની ડીલ પર રક્ષામંત્રીએ હસ્તાક્ષર કર્યા

ન્યુ દિલ્હી,તા.૧૩



રક્ષા મંત્રીએ ૧૨ સુખોઈ ફાઈટર જેટ (**Su-30MKI**) ખરીદવા માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (**HAL**) સાથે ૧૩૫૦૦ કરોડની ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. આ ફાઈટર જેટ બનાવવામાં ૬૨.૬ ટકા પાર્ટ્સ ભારતીય હશે. જેને **HAL**ના નાસિક ડિવિઝનમાં બનાવવામાં આવશે. રક્ષા મંત્રાલયે જણાવ્યું હતું કે, 'સરકારની આત્મનિર્ભર ભારત પહેલને પ્રોત્સાહન આપવા માટે, રક્ષા મંત્રાલય અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ વચ્ચે ૧૨ **Su-30MKI** જેટ અને તેની સાથે સંકળાયેલા ઉપકરણોની ખરીદી માટે એક ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.' **Su-30MKI** એ રશિયન એરક્રાફ્ટ ઉત્પાદક સુખોઈ દ્વારા બનાવવામાં આવેલા ટુ સીટર મલ્ટી રોલ લોન્ગ ડિસ્ટેન્સ ફાઈટર જેટ્સ છે. આ હવે ભારતીય વાયુસેના માટે **HAL** દ્વારા લાઈસન્સ હેઠળ બનાવવામાં આવે છે. સુખોઈ-૩૦**MKI** માટે એરો-એન્જિન ખરીદીને મંજૂરી આપવામાં આવી હતી. ૨ સપ્ટેમ્બરના રોજ, સુરક્ષા અંગેની કેબિનેટ કમિટી (**CCS**) એ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (**HAL**) પાસેથી સુખોઈ-૩૦**MKI** એરક્રાફ્ટ માટે એન્જિન ખરીદવાની મંજૂરી આપી હતી. આ કરાર હેઠળ **HAL** ભારતીય વાયુસેનાને ૨૬ હજાર કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ૨૪૦ એરો-એન્જિન પ્રદાન કરશે.

# છત્તીસગઢના બીજાપુરમાં સુરક્ષા જવાનો દ્વારા બે નક્સલવાદી ઠાર

(એચ.એસ.એલ),બીજાપુર,તા.૧૩

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં શુક્રવારે સુરક્ષા જવાનો સાથેની અથડામણમાં બે નક્સલવાદીઓ માર્યા ગયા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આ માહિતી આપી છે. બીજાપુરના પોલીસ અધિક્ષક જિતેન્દ્ર કુમાર યાદવે જણાવ્યું હતું કે, સવારે નેન્દ્ર અને પુન્નુર ગામના જંગલમાં જ્યારે સુરક્ષાકર્મીઓની એક ટીમ નક્સલ વિરોધી અભિયાનમાં હતી ત્યારે અથડામણ થઈ હતી. ગોળીબાર બંધ થયા પછી, સ્થળ પરથી બે નક્સલવાદીઓના મૃતદેહ, એક ૧૨ બોરની રાઈફલ અને અન્ય માઓવાદી સંબંધિત સામગ્રી મળી આવી હતી. પોલીસે જણાવ્યું કે આ ઘટના સાથે, છત્તીસગઢના બસ્તર વિભાગના બીજાપુર સહિત સાત જિલ્લામાં અલગ-અલગ એન્કાઉન્ટર બાદ આ વર્ષે અત્યાર સુધીમાં ૨૧૭ નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે.

# ભારતમાં ટીબીના કેસમાં વધારો : બે દાયકામાં ૬ કરોડ કેસ નવા કેસ થવાની શક્યતા

નવીદિલ્હી,તા.૧૩




ભારત લાંબા સમયથી ટીબી સામેની લડાઈ લડી રહ્યું છે, પરંતુ હવે ટીબીને લઈને એક અભ્યાસ સામે આવ્યો છે જે ડરાવે છે. પીએલઓએસ મેડિસિન જર્નલના એક અભ્યાસ અનુસાર, એવો અંદાજ છે કે ભારતમાં ૨૦૨૧ થી ૨૦૪૦ સુધીના બે દાયકામાં ટીબીના ૬ કરોડ કેસ અને ૮૦ લાખ લોકોના મોત થઈ શકે છે. અભ્યાસ મુજબ, આ રોગને કારણે ભારતને માત્ર જાનહાનિ જ નહીં પરંતુ સંપત્તિનું પણ નુકસાન થશે. ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ને ૧૪૬ અબજ ડોલરથી વધુનું નુકસાન થવાની સંભાવના છે. લંડન સ્કૂલ ઓફ હાઈજીન એન્ડ ટ્રોપિકલ મેડિસિન, યુકેના સંશોધકોએ જણાવ્યું હતું કે આના કારણે ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો વધુ મુશ્કેલીમાં છે. તેમને સ્વાસ્થ્ય સંબંધિત બોજો સહન કરવો પડી શકે છે, જ્યારે સમૃદ્ધ પરિવારોએ નાણાકીય બોજો સહન કરવો પડી શકે છે. ટ્યુબરક્યુલોસિસ એ બેક્ટેરિયલ રોગ છે. આ એક એવો રોગ છે જેના કારણે જ્યારે ચેપગ્રસ્ત વ્યક્તિ ખાંસી, છીંક કે બોલે છે ત્યારે હવામાં બેક્ટેરિયા ફેલાય છે અને અન્ય લોકોને પણ ચેપ લાગી શકે છે. આ રોગ મુખ્યત્વે ફેફસાંને અસર કરી શકે છે, પરંતુ તે ફેફસાંની સાથે શરીરના અન્ય ભાગોને પણ અસર કરી શકે છે.

# ન્યાયાધીશોએ સાધુઓની જેમ કામ કરવુ જોઈએ : સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૧૩

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ન્યાયાધીશોએ સાધુઓની જેમ જીવવું જોઈએ અને ઘોડાની જેમ કામ કરવું જોઈએ. તેઓએ સોશિયલ મીડિયાનો ઉપયોગ ટાળવો જોઈએ. નિર્ણયો અંગે કોઈ અભિપ્રાય વ્યક્ત કરવો જોઈએ નહીં. ગુરુવારે જસ્ટિસ બીવી નાગરથના અને જસ્ટિસ એન કોટીશ્વર સિંહની બેન્ચે આ ટિપ્પણી કરી હતી. ખંડપીઠ જૂન ૨૦૨૩માં મધ્યપ્રદેશ હાઈકોર્ટની ૬ મહિલા ન્યાયાધીશોની હકાલપટ્ટીના કેસની સુનાવણી કરી રહી હતી. બેન્ચે કહ્યું, 'ન્યાયતંત્રમાં દેખાડા માટે કોઈ સ્થાન નથી. ન્યાયિક અધિકારીઓએ ફેસબુક પર ન જવું જોઈએ. તેમણે ચુકાદાઓ પર ટિપ્પણી કરવી જોઈએ નહીં, કારણ કે જો ચુકાદો આવતીકાલે સંદર્ભિત કરવામાં આવે, તો ન્યાયાધીશે પહેલેથી જ કોઈને કોઈ રીતે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હશે.

# અલ્હાબાદ હાઈકોર્ટના જજ વિરૂધ્ધ રાજ્યસભામાં મહાભિયોગના પ્રસ્તાવ માટે નોટિસ

અલ્હાબાદ,તા.૧૩



અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ શેખર કુમાર યાદવ વિરુદ્ધ રાજ્યસભામાં મહાભિયોગ પ્રસ્તાવ લાવવા માટે નોટિસ આપવામાં આવી છે. આ પ્રસ્તાવ પર રાજ્યસભાના ૫૫ સાંસદોના હસ્તાક્ષર છે. કપિલ સિબ્બલના નેતૃત્વમાં પ્રતિનિધિ મંડળે મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. પ્રતિનિધિમંડળમાં સાંસદ વિવેક ટંખા, દિગ્વિજય સિંહ, પી. વિલ્સન, જોન બ્રિટાસ અને કેટીએસ તુલસીનો સમાવેશ થાય છે. જસ્ટિસ શેખર યાદવે ૮ ડિસેમ્બરે પ્રયાગરાજમાં **VHP**ના લીગલ સેલના કાર્યક્રમમાં કહ્યું હતું - મને એ કહેવામાં કોઈ સંકોચ નથી કે આ ભારત છે અને આ દેશ અહીં રહેતા બહુમતીની ઈચ્છા પ્રમાણે ચાલશે. આ કટ્ટરપંથીઓ, આ યોગ્ય શબ્દ નથી, પણ તેને કહેવાનું ટાળી શકાય તેમ નથી, કારણ કે તે દેશ માટે ખરાબ છે... તે ઘાતક છે. દેશ વિરુદ્ધ છે. એવા લોકો છે જે જનતાને ઉશ્કેરે છે. એવા લોકો છે જેઓ વિચારે છે કે દેશની પ્રગતિ ન થવી જોઈએ. તેમની સાથે સાવચેત રહેવાની જરૂર છે.

# એક નેતા બંધારણની નકલ પોતાના ખિસ્સામાં રાખે છે : રાજનાથ સિંહ

નવીદિલ્હી,તા.૧૩

લોકસભામાં બંધારણ પર ચર્ચા પર કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે બંધારણ દ્વારા દેશમાં લોકશાહી સાચા અર્થમાં લાગુ કરવામાં આવી. આપણું બંધારણ સાર્વત્રિક છે, જ્યારે તે રાજ્યની જવાબદારીઓની સૂચિ આપે છે, તે નાગરિકોના અધિકારોનો પણ ઉલ્લેખ કરે છે. આપણું બંધારણ સહકારી લોકશાહી સુનિશ્ચિત કરે છે અને રાષ્ટ્રની એકતા સુનિશ્ચિત કરે છે. ભારતનું બંધારણ પણ દેશનું ગૌરવ સ્થાપિત કરવાનો રોડમેપ છે. રાજનાથ સિંહે કહ્યું કે કેટલાક લોકો આપણા બંધારણને સંસ્થાનવાદની ભેટ અથવા માત્ર સારી વસ્તુઓનો સંગ્રહ માને છે. તેમજ એક નેતા બંધારણની નકલ પોતાના ખિસ્સામાં રાખે છે આ વાત તેમણે પોતાના પૂર્વજો પાસેથી શીખી તેમ કહી અંતમાં રાજનાથ સિંહે ટોણો માર્યો હતો.

# હું ખેડૂતનો દીકરો છું દેશ માટે જીવ આપી દઈશ પણ ઝૂકીશ નહીં : જગદીપ ધનખરે

નવીદિલ્હી,તા.૧૩



આજે સવારથી જ રાજ્યસભામાં બંધારણ પર ચર્ચા દરમિયાન હોબાળો ચાલી રહ્યો છે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ધનખરે ઘણી વખત સભ્યોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ હંગામો એટલો વધી ગયો કે ખડગે અને ધનખર પણ સામસામે આવી ગયા હતા. અધ્યક્ષ જગદીપ ધનખરે કોંગ્રેસને જવાબ આપતા કહ્યું, "તમને દુઃખ થાય છે કે ખેડૂતનો દીકરો આ ખુરશી પર કેવી રીતે બેઠો છે. હું દેશ માટે જીવ આપી દઈશ, પણ ઝૂકીશ નહીં." તેના પર કોંગ્રેસ નેતા ખડગેએ કહ્યું કે તમે ખેડૂતના પુત્ર છો અને હું મજૂરનો પુત્ર છું. અધ્યક્ષ પર પક્ષપાતનો આરોપ લગાવતા તેમણે કહ્યું, "તમે ભાજપના સાંસદોને બોલવાની તક આપી રહ્યા છો, જ્યારે કોંગ્રેસને નહીં. અમે અહીં તમારા વખાણ સાંભળવા નથી આવ્યા. જો તમે મારું સન્માન નહીં કરો તો હું તમારું સન્માન કેવી રીતે કરીશ. "હા, તમે મારું અપમાન કરો છો." તેના પર ધનખરે કહ્યું કે દેશ જાણે છે કે તમને કોના વખાણ ગમે છે.

# દિલ્હીમાં જેએનયુમાં ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ના સ્ક્રિનિંગ દરમિયાન વિદ્યાર્થીઓએ પથ્થરમારો કર્યો

નવીદિલ્હી,તા.૧૩



દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (જેએનયુ)માં ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ના સ્ક્રિનિંગ દરમિયાન હંગામો થયો હતો. એબીવીપી દ્વારા આ ફિલ્મના સ્ક્રિનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સુત્રોના જણાવ્યા અનુસાર આ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ પથ્થરમારો કર્યો હતો. તેઓએ યુનિવર્સિટીમાં લગાવેલા ફિલ્મના પોસ્ટરો ફાડી નાખ્યા હતા. એક વિદ્યાર્થીએ મીડિયાને જણાવ્યું કે આ ફિલ્મ એકતરફી વાર્તા છે. ગોધરાકાંડ પછી શું બન્યું તે દર્શાવ્યું છે, પરંતુ અગાઉ શું બન્યું હતું તે દર્શાવ્યું નથી, જેના કારણે ગોધરા જેવી ઘટના બની હતી.

# ઉત્તર ભારતમાં હિમવર્ષા તો દક્ષિણ ભારતમાં વરસાદની આગાહી

શ્રીનગર,તા.૧૩



પાકિસ્તાનના ઉત્તર ભાગમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં સતત હિમવર્ષા થઈ રહી છે. હિમાલયથી મેદાની વિસ્તારો તરફ ફૂંકાતા પવનોને કારણે ૧૧ રાજ્યોમાં શીત લહેર છવાઈ રહી છે. ખાસ કરીને મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને દિલ્હીના ઘણા જિલ્લાઓમાં તાપમાન ૫ ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે. રાજસ્થાનના સીકરમાં સૌથી નીચું તાપમાન ૧° નોંધાયું હતું. કાશ્મીરના બારામુલા, કુપવાડા, શોપિયાં, પુલવામા અને બાંદીપોરામાં હિમવર્ષા ચાલુ છે. અહીં ૭ જિલ્લામાં પારો માઈનસમાં નોંધાયો હતો. હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતિમાં કીલોંગ ઉદયપુર રોડ પાસે હિમવર્ષાને કારણે એક નદી જામી ગઈ છે. દક્ષિણ ભારતના તમિલનાડુ અને કર્ણાટકમાં આજે ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભારે વરસાદને કારણે પુડુચેરી અને કરાઈકલની શાળાઓમાં શુક્રવારની રજા જાહેર કરવામાં આવી હતી.

# સંસદ ભવન પર હુમલાને ૨૩ વર્ષ પૂર્ણ થતા પીએમ મોદી સહિત નેતાઓએ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,તા.૧૩

દેશના સંસદ ભવન પર થયેલા હુમલાના ૨૩ વર્ષ પૂર્ણ થવા પર વડાપ્રધાન અને ઉપરાષ્ટ્રપતિ સહિત વરિષ્ઠ નેતાઓએ શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, રાજ્યસભાના એલઓપી મલ્લિકાર્જુન ખડગે, લોકસભાના એલઓપી રાહુલ ગાંધી, કેન્દ્રીય એચએમ અમિત શાહ, કેન્દ્રીય મંત્રીઓ જેપી નડ્ડા, કિરેન રિજિજુ અને અન્યોએ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. ૨૦૦૧માં આ દિવસે રાજ્યસભા સચિવાલયના સુરક્ષા સહાયકો જગદીશ પ્રસાદ યાદવ અને મતબર સિંહ નેગી, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના કોન્સ્ટેબલ કમલેશ કુમારી, મદદનીશ સબ ઈન્સ્પેક્ટર નાનક ચંદ અને દિલ્હી પોલીસના રામપાલ સહિતનાઓએ આતંકવાદી હુમલાથી સંસદની રક્ષા કરતા પોતાનો જીવ આપ્યો હતો.

# રશિયાએ તેમના નાગરિકોને અમેરિકા અને યુરોપ નહીં જવાની ચેતવણી આપી

મોસ્કો,તા.૧૩



વિશ્વના ઘણા દેશો આ દિવસોમાં મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યા છે. તેમાંથી એક રશિયા છે જે યુક્રેન સાથે યુદ્ધમાં છે. અમેરિકા યુક્રેનને સતત મદદ કરી રહ્યું છે. તે જ સમયે, રશિયાએ તેના નાગરિકોને અમેરિકાની મુલાકાત ન લેવાની ચેતવણી આપી છે કારણ કે વોશિંગ્ટન સાથેના સંબંધો સંઘર્ષાત્મક છે. રશિયાએ દાવો કર્યો હતો કે તેઓ યુએસ અધિકારીઓથી જોખમમાં હોઈ શકે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝખારોવાએ બુધવારે એક ન્યૂઝ બ્રીફિંગ દ્વારા ચેતવણી આપી હતી. રશિયા-યુએસ સંબંધો અત્યાર સુધીના સૌથી નીચા સ્તરે છે. કેટલાક નિષ્ણાતો માને છે કે રશિયા-યુએસના સંબંધો ૧૯૬૨ની ક્યુબા મિસાઈલ કટોકટી પછીના કરતાં પણ વધુ ખરાબ છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મારિયાએ જણાવ્યું હતું કે વ્યક્તિગત અથવા સત્તાવાર હેતુઓ માટે યુનાઈટેડ સ્ટેટ્સની મુસાફરી ગંભીર જોખમોથી ભરપૂર હોઈ શકે છે.

# નાણા મંત્રાલયને લઈ હવે અજીત પવારે જીદ પકડી, ભાજપ માટે માથાનો દુઃખાવો

મુંબઈ,તા.૧૩



મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારના કેબિનેટનું વિસ્તરણ ૧૪ ડિસેમ્બરે થવાની શક્યતા છે. ગુરૂવારે ડેપ્યુટી સીએમ અજિત પવારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. તે સમયે તેમણે એનસીપીને ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ આપવાની માગ કરતાં ચીમકી પણ આપી હતી. પવારે કહ્યું કે, જો તેમને આ ખાતું સોંપવામાં ન આવ્યું તો મહાયુતિ સરકારનો કોઈ અર્થ રહેતો નથી. અજિત પવારની અમિત શાહ સાથેની મુલાકાત બાદ એનસીપીના પ્રવક્તા અમોલ મિટકરીએ આ અંગે જણાવ્યું હતું. અમોલ મિટકરીએ જણાવ્યું હતું કે, અજિત પવારને નાણાં મંત્રાલય સોંપવામાં ન આવે તો સરકારનો કોઈ અર્થ રહેશે નહીં. ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત દરમિયાન અજિત પવાર સાથે પ્રફુલ પટેલ અને સુનીલ તટકરે અને અજિત પવારના પત્ની ઉપસ્થિત હતા. ૨૦૨૪ની ચૂંટણી પહેલાં શરૂ કરવામાં આવેલી મહારાષ્ટ્રમાં લાડલી બહેન યોજના અને ખેડૂતો માટે વીજ બીલ માફી જેવી યોજનાઓના લીધે સરકાર પર નાણાકીય બોજો પડે નહીં તેનું ધ્યાન અજિત પવાર સારી રીતે રાખી શકે છે. મહારાષ્ટ્રમાં નાણાકીય રીતે અનુશાસન માટે ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ અજિત પવારને જ સોંપવું જોઈએ.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટમાં ઉમિયા માતાજીના મંદિરનું ખાતમુહૂર્ત કરાયું

રાજકોટ,તા.૧૩



ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા રાજકોટ શહેરના કાલાવડ રોડ પર કણકોટ પાસે જશવંતપરા ન્યારી નદીના કાંઠે ઉમિયા માતાજીના આ મંદિર-સંકુલ માટે કુલ ૩૨ વીઘા જમીનની ખરીદી કરવામાં આવી છે. આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા આ ભવ્ય મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ઉમિયાધામ મંદિરના બાબુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આજના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાથે સાથે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા, રાઘવજી પટેલ, ભાનુબેન બાબરિયા તેમજ સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલા, પૂર્વ સાંસદ મોહન કુંડારિયા, હરિભાઈ પટેલ અને કડવા પાટીદાર સમાજની દરેક સંસ્થાના પ્રમુખ હાજર રહ્યાં હતાં. રાજકોટના સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલાએ સમાજને ટકોર કરતાં જણાવ્યું હતું કે જે રીતે માતાજીના ભવ્ય મંદિર બનાવી રહ્યા છીએ એવી જ રીતે આપણે સમાજની જરૂરિયાતો, નગરની જરૂરિયાતો અને ઉદ્યોગની જરૂરિયાતો ધ્યાનમાં રાખી આગળ વધવું જોઈએ.

# લીંબડીના નટવરગઢ ગામે સગીરે કરી સરપંચ પુત્રની હત્યા

લીંબડી,તા.૧૩



લીંબડી તાલુકાના નટવરગઢ ગામમાં સરપંચ કરમશી ઝીણાભાઈ કાલિયાનો ૨૩ વર્ષીય પુત્ર આદર્શ ગામના છોકરાઓને રનિંગની પ્રેક્ટિસ કરાવતો હતો, જ્યાં તેના કાકાના સગીર વયના પુત્ર સાથે બોલાચાલી થઈ હતી. જેથી ગતરોજ મોડી સાંજે નટવરગઢ ગામમાં સરપંચ કરમશીભાઈ કાલિયા તેમના પુત્ર આદર્શ કાલિયા સાથે ભત્રીજાને સમજાવવા તેના ઘરે ગયા હતા, જ્યાં સામાન્ય બોલાચાલી બાદ મામલો બગડ્યો હતો અને ઉગ્ર બોલાચાલી થઈ હતી.

આ દરમિયાન ઉશ્કેરાયેલા સગીરે ચપ્પુના ઘા મારી સરપંચ અને તેમના પુત્ર આદર્શને અધમૂઆ કરી દીધા હતા અને તે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

સગીરે સરપંચ અને તેમના પુત્રને ચપ્પુના આડેધડ ઘા મારતાં બંને ઘાયલોને સારવાર અર્થે લીંબડી સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં પ્રાથમિક સારવાર આપી આદર્શને વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગરની હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ગંભીર રીતે ઘવાયેલા સરપંચ કરમશીભાઈના પુત્ર આદર્શનું મૃત્યુ થયું હતું. સરપંચ કરમશીભાઈ હાલ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. મારામારીના આ બનાવમાં કુલ ત્રણ વ્યક્તિને ઈજાઓ પહોંચી છે, જેઓ પણ સારવાર હેઠળ છે.

# ડમીકાંડમાં કોર્ટનો ચુકાદો : ૭ વર્ષ જૂના કેસમાં ત્રણ આરોપીઓને એક વર્ષની જેલ અને ૧૦ હજારનો દંડ

અમદાવાદ,તા.૧૩



ગુજરાતમાં સૌથી વધારે વિવાદમાં રહેલા પાટણ એસએસસી બોર્ડ પરીક્ષામાં ડમીકાંડમાં આખરે ચુકાદો આવી ગયો છે. જ્યુડિશિયલ કોર્ટે ડમીકાંડનો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. પ્રથમવાર ડમીકાંડ મામલે કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો છે. બીજીવાર કોઈ પણ વ્યક્તિ આ પ્રકારનું કાર્ય ન કરે તે માટે કોર્ટ દ્વારા કડક પગલા લેવામાં આવ્યા છે જેમાં ૩ ડમી પરીક્ષાર્થીઓને કોર્ટે સજા ફટકારી છે. જેઓને ૧ વર્ષની કેદ અને ૧૦-૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સમગ્ર ડમીકાંડની ફરિયાદ બાલીસણા પોલીસ મથકે નોંધાઈ હતી. પાટણમાં ૭ વર્ષ પહેલા એટલે કે ૨૦૧૮માં માંડોત્રી ગામ નજીક આવેલી લોર્ડ ક્રિષ્ના સાયન્સ સ્કૂલના પરીક્ષા સેન્ટરમાં વિદ્યાર્થીઓની જગ્યાએ ડમી વિદ્યાર્થીઓ પાસે પરીક્ષા અપાવવામાં આવી હતી જે અંગે બાલીસણા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જેમાં આરોપીઓને ૧ વર્ષની જેલ અને ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

# ઢસા નજીક એસએમસીનો સપાટો : વિદેશી દારૂની બોટલો સહિત રૂ.૩૮.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત

ભાવનગર,તા.૧૩



બોટાદ જિલ્લાના ઢસા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક રેસ્ટોરન્ટના પાર્કિંગમાં દારૂનો જથ્થો ભરેલો ટ્રક સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો. ભાવનગર રાજકોટ હાઈવે ઉપર આવેલી એક રેસ્ટોરન્ટના પાર્કિંગમાં દારૂ હોવાની બાતમી મળતા સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા રેડ કરવામાં આવી હતી. જેમાં સ્થળ પર કન્ટેનર ટ્રક મળી આવતા તપાસ કરતા જેનો ડ્રાઈવર કેબિનમાં સૂતો હતો. જેથી તેને જગાડીને કન્ટેનરની અંદર શું છે તેની પૂછતાછ કરતા વિદેશી દારૂની પેટીઓ મળી આવી હતી. કુલ ૧૩,૯૨૯ દારૂની પેટીઓ જેમાં નાની મોટી દારૂની બોટલ અને બિયર ટીનનો સમાવેશ થાય છે. આ સમગ્ર દારૂના જથ્થાની કિંમત ૩૮,૫૪,૬૩૭ છે, જેને ઢસા પોલીસને બોલાવી સ્ટેટ મોનિટરિંગ સેલે કબ્જે લીધો હતો.

# ૬૩ લાખના તોડકાંડમાં પૂર્વ પીઆઈ સસ્પેન્ડ થયા બાદ ફરાર

રાજકોટ,તા.૧૩

રાજકોટના નામાંકિત ઝવેરી ભાસ્કર પારેખ સહિતના પ્રતિષ્ઠિત લોકોને જુગારના ખોટા કેસમાં ફસાવીને ૬૩ લાખનો તોડ કરવા બદલ પોલીસ ઈન્સ્પેક્ટર વાય.કે. ગોહિલ અને રાઈટર કોન્સ્ટેબલ મહિપતસિંહ સામે મોરબી પોલીસમાં ગુનો દાખલ કરાયો છે. સાવ ખોટો કેસ થયાની ડીજીપીને અરજી મળ્યા બાદ સ્ટેટ મોનિટરિંગ સેલના એસપી નિર્લિપ્ત રાયની તપાસમાં મોટો ધડાકો થયો હતો. મોરબીના ટંકારાના રિસોર્ટમાં પ્રતિષ્ઠિત નબીરાઓને ખોટા કેસમાં ફસાવી ૬૩ લાખ પડાવી લેવાયા હતા. માર નહીં મારવાના, લોકઅપમાં નહીં મૂકવાના અને પ્રેસનોટ જાહેર નહીં કરવાના પોલીસે રૂપિયા પડાવ્યા હતા. સ્ટેટ મોનિટરિંગ સેલે સીસીટીવી અને સાહેદોના નિવેદનો લઈને પોલીસના કાળા કરતુતોનો ભાંડો ફોડ્યો છે. લાખોની લાંચ લેનાર પી.આઈ. ગોહિલ સસ્પેન્ડ થયા બાદ લાપતા થયા છે.






# ઠંડા પવનને કારણે ગુજરાતીઓ ઠુંઠવાયા : હજુ બે દિવસ ઠંડીની આગાહી

અમદાવાદ,તા.૧૩

ગુજરાતમાં હવે શિયાળાની મોસમ સંપૂર્ણ રીતે છવાઈ ગઈ છે. વાસ્તવમાં જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ સહિત ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. જેની સીધી અસર ગુજરાત પર જોવા મળી રહી છે. ગુજરાતમાં હિમવર્ષાના કારણે તાપમાનનો પારો સતત નીચે જઈ રહ્યો છે. ગુજરાતના લઘુત્તમ તાપમાનમાં ૫ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. આ સાથે જ હવામાન વિભાગે કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પણ ઠંડીનું મોજુ ફરી વળવાની શક્યતા વ્યક્ત કરી છે. ગુજરાતમાં કડકડતી ઠંડી પડી રહી છે ત્યારે રાજ્યમાં તાપમાનમાં ભારે ઘટાડો નોંધાયો છે.

# ભાવનગરમાં વ્યાજના પૈસાની લેતીદેતીમાં યુવાનની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા

ભાવનગર,તા.૧૩

ભાવનગર શહેરના કાળિયાબીડ વિસ્તારમાં પારિજાત સ્કૂલવાળા ખાંચામાં જૂની દરબારી સાગવાડીમાં રહેતા પ્રદીપ ઉર્ફે ઘૂઘો ઝવેરભાઈ ડાભીનો મૃતદેહ બોર તળાવની ખુલ્લી જગ્યામાં વહેલી સવારે મળ્યો હતો. જે બાદ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. નીલમબાગ પોલીસે સ્થળ ઉપર જઈને તપાસ હાથ ધરતા યુવાન પ્રદીપ ઉર્ફે ઘુઘો ઝવેરભાઈ ડાભીના હાથ, પગ અને પીઠના ભાગે ઈજાના નિશાન જોવા મળ્યા હતા. આથી પ્રાથમિક અનુમાન લગાવવામાં આવ્યું હતું કે આ બનાવ હત્યાનો છે, ત્યારબાદ પોલીસે મૃતદેહને સર ટી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડ્યો હતો. ભાવનગરના ડીવાયએસપી આર. વી. ડામોરે જણાવ્યું હતું કે સ્થળ ઉપર જઈને તપાસ કરતા આ યુવાન પ્રદીપ ઉર્ફે ઘુઘો ઝવેરભાઈ ડાભી હોવાનું ખુલ્યું હતું. અનુમાન છે કે વ્યાજના પૈસાની લેતીદેતીમાં યુવાનની હત્યા કરવામાં આવી હોય.






## પ્રજાના રૂપિયે અમદાવાદના કોર્પોરેટર કાશ્મીર ફરવા જશે: બે કરોડનું બજેટ પાસ

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ મહાનગરપાલિકા પ્રજાના રૂપિયે કાઉન્સિલરોને ફરવા લઈ જવાનો પ્લાન બનાવ્યો છે. એએમસી પોતાના ૧૯૨ કાઉન્સિલરોને જમ્મુ-કાશ્મીર ફરવા લઈ જશે. આ તમામ કોર્પોરેટરને ફરવા લઈ જવા માટે ૨ કરોડનું બજેટ પાસ કરાવવામાં આવ્યું છે. ત્યારે સવાલ એ છે કે, મહામહેનતે રૂપિયા કમાઈને લોકો ટેક્સ ભરે છે, અને આ ટેક્સનો ઉપયોગ લોકોની સુવિધાને બદલે કોર્પોરેટરને જલસા કરાવવા માટે થાય છે.








